# પ્રકરણ – ૫ મહાભારતના પરિણય પ્રસંગો

(૧) મુખ્ય પરિણય–પ્રસંગો
(૨) આનુષંગિક પરિણય–પ્રસંગો
(૩) અન્ય પરિણય–પ્રસંગો
પાદટીપ

*     **પ્રસ્તાવના :–**

પરિણય એ પવિત્ર બંધન છે. બે જીવ અને બે આત્માનું પવિત્ર મિલન છે. પરિણય એટલે જીવનભરનો નિઃસ્વાર્થ પ્રેમ. પરિણય સંસ્કાર દ્વારા મનુષ્યના જીવનમાં સમાજમાં ટકવાની હિમંત પ્રાપ્ત થાય છે. ભારતીફ સંસ્કૃતિ તેની દિવ્યતા અને આદર્શતાને વરેલી છે. પ્રાચીન કાળના લોકો ખૂબ જ સંસ્કારી હતા તથા તેનું જીવન નિયમબદ્ધ હતુ. કાંય પણ સંઘર્ષને સ્થાન હતું. તેનું મુખ્ય કારણ આદર્શ સમાજવ્યવસ્થા હતી. આદર્શ સમાજવ્યવસ્થાને પરિણામે કુટુંબો પણ આદર્શ અને સંસ્કારી હતા. લોકોના જીવન શાસ્ત્રોના નીતિ નિયમોને આધારે જોવા મળતા હતા. મનુષ્યના જીવનમાં જન્મથી લઈને મૃત્યુ સુધીમાં સોળ સંસ્કાર કરવામાં આવતા હતી. તેમાં પરિણય લગ્ન સંસ્કાર મુખ્ય હતો.

સમાજની વ્યવસ્થિત રચના કરવા માટે સ્મૃતિકારોએ લગ્ન સંસ્થા નિર્માણ કરી. આ પરિણય સંસ્કારને શાસ્ત્રીય દષ્ટિએ તપાસીએ ત્યારે ખબર પડે કે આપણાં સ્મૃતિકારોએ કેટલું સરસ આયોજન કર્યું છે. લગ્ન સંસ્થા સમાજનો આધાર સ્તંભ છે. આપણાં શાસ્કારોએ પરિણય સંસ્કારને માનવજીવનનો સર્વોચ્ચ સંસ્કાર માન્યો છે. લગ્ન પાછળનો ઉદેશ્ય જાતીય ઈચ્છાઓની તૃષ્ટિ નહિં પરંતુ ધાર્મિક સંસ્કાર પણ છે. લગ્ન જીવનમાં ધાર્મિક કાર્યોના આટલા મહત્વને કારણે પત્નીને ‘ધર્મપત્ની’ કહેવામાં આવે છે. પત્ની વગર કોઈ પણ પ્રકારનું ધાર્મિક કાર્ય થતું નથી એટલા માટે દરેક મનુષ્ય માટે લગ્ન કરવા જરૂરી છે.

પ્રાચીન કાળમાં લોકો ખૂબ જ ધાર્મિક હતા. તથા તેઓ ધાર્મિક પ્રવૃતિઓ સાથે જોડાયેલા હતા. એટલા માટે સમાજવ્યવસ્થાને શ્રેષ્ઠ બનાવવા માટે સ્મૃતિકારોએ સંસ્કારો નિર્માણ કર્યા હતા. પ્રાચીન કાળ નો સમાજ ખૂબ જ વ્યવસ્થિત અને જ્ઞાન સભર હતો. તેનું મુખ્ય કારણ હતુ આદર્શ સમાજ વ્યવસ્થા. આદર્શ સમાજ નિર્માણ કરવા માટે આપણાં પ્રાચીન ઋષિમુનિઓએ અથાગ પરિશ્રમ કર્યો હતો. તે પરિશ્રમને પરિણામે સોળ સંસ્કાર નિર્માણ કર્યા અને સોળ સંસ્કારમાં લગ્ન સંસ્કાર મહત્વનો સંસ્કાર છે. વ્યકિતતની પ્રગતિ અને તેના જીવનનો મુખ્ય આધાર પરિણય છે. વ્યકિતત પરિણય સંસ્કાર પછી જ તેનું સાચું જીવન જીવે છે અપાર મુશ્કેલીઓનો સામનો કરતા કરતા તે પોતાનું  જીવન સુંદર બનાવે છે.

પ્રાચીન મહાભારત કાળમાં પણ સમાજ સુવ્યવસ્થિત જોવા મળતો હતો. મહાભારત અને રામાયણ કાળની સમાજવ્યવસ્થા પણ સુ–વ્યવસ્થિત તથા આયોજનબદ્ધ હતી. મહાભારત કાળમાં શોર્ય અને પરાક્રમી પ્રજા હતી. તે પોતાના શોર્ય, પરાક્રમ અને પ્રતિષ્ઠાને આધારે સમાજ વ્યવસ્થા નિર્માણ કરતા હતા. મહાભારત કાળમાં વિવાહના અલગ–અલગ પ્રકારો જોવા મળતા. તે કાળમાં સ્વયંવર યોજાતા હતા અને પરાક્રમી પુરુષો પોતાના પરાક્રમથી શ્રેષ્ઠ અને સંસ્કારી સ્ત્રીને પસંદ કરતા હતા. મહાભારત કાળમાં અસંખ્ય સ્વયંવરો થયો હતા અને તે એટલાં કઠિન પણ હતા છતા પરાક્રમી અને શૂરવીર પુરુષો તે સ્વયંવરની કઠિન પરીક્ષા પાસ કરીને પણ તેમાં વિજેતા બનતા હતા.

મહાભારત કાલિન સમાજવ્યવસ્થામાં પણ પરિણય પ્રસંગો અસંખ્ય પ્રમાણમાં જોવા મળે છે. તત્કાલિન સમાજમાં સ્ત્રીને પોતાનો પતિ પોતાની રીતે પસંદ કરવાની છૂટ હતી. સ્ત્રીઓનો સ્વયંવર યોજાતા હતા અને સ્ત્રી પોતાના પતિને પસંદ કરવા માટે સ્વતંત્ર હતી. શાસ્ત્રકારોએ બતાવેલા આઠેય પ્રકારના વિવાહો મહાભારત કાલિન સમાજમાં જોવા મળતા હતા. મહાભારત અને રામાયણ આપણી સંસ્કૃતિના મહાનતમ બે મહાકાવ્યો છે. તથા આવનારા વર્ષો સુધી તે ભારતીય લોકોના દિલો–દિમાગ પર રાજ કરતા રહેશે. મહાભારતને સમાજવ્યવસ્થા પણ આયોજનબદ્ધ હતી અને પણ શાસ્ત્રોના નીતિ–નિયમો પ્રમાણે ચાલતી હતી. પાંડવો–કૌરવો તથા તેના પૂર્વજો અન્ય શ્રેષ્ઠ મહાન લોકોના પરિણય પ્રસંગો મહાભારતમાં આવે છે. તે બધા જ પરિણય પ્રસંગો દિવ્ય હતા.

મહાભારત મહાકાવ્ય ખૂબ જ વિશાળ છે. તેમાં અસંખ્ય આખ્યાનો ઉપાખ્યાનો આવે છે. તે બધાં આખ્યાનો ઉપાખ્યાનોમાં પણ પરિણય પ્રસંગોનું વર્ણન જોવા મળે છે. તે પરિણય પ્રસંગો પણ દિવ્ય અને સંસ્કાર સંપન્ન હતા. મહાભારત કાલિન લોકો ધાર્મિક પ્રવૃત્તિઓવાળા હતા. તે લોકોના જીવનમાં ધર્મને પ્રથમ સ્થાન હતું. મહર્ષિ વ્યાસ પણ મહાભારત મહાકાવ્યમાં ધર્મની બાબતને વિશેષ રીતે રજૂ કરે છે. ધર્મ હોય ત્યાં જ માણસનો વિજય હોય, ધર્મની સાથે ચાલનાર માણસનું હંમેશા કલ્યાણ જ થાય છે મહાભારતનું નીતિ વાકતય છે. ધર્મ માણસને પકડી રાખે છે તે સુચારું સમાજ–વ્યવસ્થા નિર્માણ કરવામાં સહાયક બને છે.

મહાભારતકાલીન સમાજ સંપૂર્ણ પ્રમાણમાં ધાર્મિક હતો. અમૂક લોકો અધર્મનો સહારો લેતા હતો ત્યારે તે લોકોનો વિનાશ થયો હતો. મહાભારતના અધાર્મિક લોકો પણ ધર્મ અનુસાર પરિણય સંબંધમાં જોડતા હતા. દૂર્યોધન, દુઃસાશન, કર્ણ વગેરે અધર્મનો આશરો લેનારા હતા છતાં પણ તેના પરિણય સંસ્કારો ધાર્મિક રીતિ–રિવાજ પ્રમાણે થયા હતા. આમ મનુષ્યના જીવનમાં પરિણય સંસ્કારનું ખૂબ જ મહત્વ છે. પરિણય સંસ્કાર થયેલ વ્યકિતત જ સમાજમાં પોતાનું શ્રેષ્ઠ યોગદાન આપી શકે છે. લોકોએ શિક્ષણ પ્રાપ્ત કરીને બ્રહ્મચર્યાશ્રમ પૂર્ણ કરી, ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરવાનો હોય છે તથા તેમણે સમાજહિતનાં કાર્યો પણ કરવાનાં હોય છે. ગૃહસ્થી વ્યકિતત જ સારી રીતે સામાજિક કાર્ય કરી શકે છે.

મહાભારત મહાકાવ્યમાં પિતામહ ભિષ્મના પરિણય સંસ્કાર થયા ન હતા. તેથી તેમની આજીવન બ્રહ્મચારી રહેવાની પ્રતિજ્ઞાને કારણે તે પરિણય સંસ્કારથી મુકતત રહ્યા હતા. તે સિવાયનાં બધા જ મહાન વ્યિ તઓ પરિણયના પવિત્ર બંધનમાં બંધાયેલા જોવા મળે છે. પરિણય સંસ્કાર એ મુખ્ય મહ વનો છે. આપણાં સ્મૃતિકારોએ તેના ખૂબ જ વખાણ કર્ય છે. તેમણે દરેક મનુષ્યને આ સંસ્કારમાં બંધાવાની સલાહ આપી છે. મહાભારતમાં પણ અસંખ્ય પરિણય સંસ્કારો આવે છે. તેનો વિગતે પરિચય આ પ્રમાણે આપી શકાય છે :

## ૧. મુખ્ય પરિણય પ્રસંગો :–

મહાભારત મહાકાવ્ય વિ  નું સૌથી મહાન કાવ્ય છે. મહર્ષિ વ્યાસે મહાભારત મહાકાવ્યમાં અસંખ્ય કથાઓનું નિરૂપણ કર્યું છે. મહાભારત તેની દિવ્યતા તથા વિશાળતાને કારણે પ્રસિદ્ધ છે. મહાભારત મહાકાવ્યમાં પણ ઘણાંબધાં પરિણય પ્રસંગો આવે છે. મહાભારત એટલું વિશાળ છે કે તેમાં રચયિતાએ વિશાળ કથાઓ અને અસંખ્ય પાત્રોનું સર્જન કર્યું છે. આ બધા જ પાત્રો દિવ્ય તથા પ્રેરણાદાયી છે. પરિણય દરેક મનુષ્યને માટે અતિ ઉપયોગી સંસ્કાર છે. આ પરિણય સંસ્કાર વગર મનુષ્યનું અસ્તિત્વ જ નથી એટલાં માટે મહાભારત મહાકાવ્યમાં પણ બધી જ જગ્યાએ પરિણય સંસ્કાર જોવા મળે છે.

મહાભારત મહાકાવ્યનો પરિવાર ખૂબ જ મોટો છે. અસંખ્ય પેઢીઓનું તેમાં વર્ણન આવે છે. ભરત વંશમાં શાંતનુના લગ્નથી લઇને છેક અભિમન્યુના વિવાહ સુધીછનું વર્ણન પ્રાપ્ત થાય છે. આ વચ્ચેના બધા જ મહાન વ્યકિતતઓના પરિણયની કથાઓ મહાભારત મહાકાવ્યમાં પ્રાપ્ત થાય છે. આ બધા જ વ્યકિતતઓ પરિણયના પવિત્ર બંધને બંધાયેલા જોવા મળે છે. લગ્નના આઠ પ્રકારોમાં બધા જ પ્રકારે પરિણય સંબંધો થયેલા છે. આમાં મુખ્ય પરિણય પ્રસંગો તથા આનુષંગિક તથા અન્ય પરિણય પ્રસંગો વગેરે ત્રણ પ્રકારો પાડવામાં આવ્યા છે. તેમાં આપણે પ્રથમ મુખ્ય પરિણય–પ્રસંગો વિશે વિગતે ચર્ચા કરવાની છે. મહાભારત મહાકાવ્ય ખૂબ જ વિશાળ મહાકાવ્ય છે. પરંતુ આપણે તેમાંથી અમૂક જ પરિણય પ્રસંગોનો અભ્યાસ કરવાનો છે.

### (૧) શાંતનુના ગંગા સાથે વિવાહ :

શાંતનુ રાજા ખૂબ જ પરાક્રમી, મહાન અને સત્યનિષ્ઠ રાજા હતા. તેમની કીર્તિ ચારે બાજુ ફેલાયેલી હતી. રાજાઓ–મહારાજાઓ તેમને ખૂબ જ આદર સત્કારથી જોતા હતા. તેઓ ખૂબ જ હોંશિયાર હતા. તે પોતાનું રાજ  ખૂબ જ સારી રીતે ચલાવતા હતા. તેના રાજ માં પ્રજા નિઃશંક પણે વિચરણ કરી શકતી હતી. બધા જ લોકોને યોગ્ય ન્યાય મળતો હતો. સાચા અર્થમાં તે પ્રજાના પાલક રાજા હતા.

એકવાર વૈશમ્પાયન જનમેજયને ઇક્ષ્વાકુ વંશની કથા સંભળાવે છે. તેઓ કહે છે આ મહાન વંશમાં મહાભિષ નામના  રાજા થયા હતા. તેઓ ખૂબ જ મહાન હતા સાથે સાથે સત્યનિષ્ઠ અને વીર પણ હતા. તેમની કીર્તિ ખૂબ જ પથરાયેલી હતી. તેઓએ મોટા–મોટા અ  મેઘ અને રાજસૂય યજ્ઞો કરીને સ્વર્ગમાં જઇને અમર કીર્તિને પામ્યા હતા. એક વખત પૃથ્વી પરના મહાન લોકો બ્રહ્માજીની સેવા કરવા માટે ઉપસ્થિત થયા. તેમાં દેવતાઓ, રાજર્ષિઓતથા મહાભિષ રાજા પણ હતા. તે સમયે ગંગાજી પણ ત્યાં ઉપસ્થિત થયા હતા. ગંગાજીએ  ેત વસેને ધારણ કર્યા હતા ત્યારે પવનદેવે  ેત વસ્ત્રને તેના શરીર ઉપરથી થોડું ખસકાવી દીધું હતું. તે સમયે ત્યાં ઉભેલા બધા જ લોકોએ પોત–પોતાની આંખો નીચી કરી લીધી હતી, પરંતુ રાજર્ષિ મહાભિષ તેમને ધારી–ધારીને જોતા રહ્યા.

ત્યારે ત્યાં ઉપસ્થિત બ્રહ્માજીએ મહાભિષને કહ્યું હવે તમે મૃત્યુલોકમાં જાઓ. જે ગંગાને તમે જોયા કરો છો તે તમારું ખરાબ કરશે અને જ ારે તમે તેના ઉપર ગુસ્સે થશો ત્યારે તમે શાપથી મુકતત થઇ જશો. રાજા મહાભિષે ગંગાજીની આજ્ઞાને માની અને એવો નિર્ણય કર્યો કે હું પુરુષવંશી રાજા પ્રતીપનો પુત્ર બનુ. ગંગાજી જ ારે ત્યાંથી પાછા ફર્યા, ત્યારે વસુઓ સાથે તેમની મુલાકાત થઇ. તેઓ પણ વસિષ્ઠના શાપથી તેજહીન થઇ રહ્યા હતા. તેમને મનુષ્યયોનિમાં જન્મ લેવાનો શાપ મળ્યો હતો. ગંગાજીએ તેમની સાથે વાર્તા કર્યા પછી સહમત થયા કે હું મારા ગર્ભમાં ધારણ કરીશ અને તરત જ મનુષ્યયોનિથી મુકતત કરી દઇશ. તે આઠેય વસુઓએ પોતપોતાના અષ્ટમાંશથી એક પુત્ર મુત્યુલોકમાં રાખવાની પ્રતિજ્ઞા કરી અને એવું પણ કરી દીધું કે તે અપુત્ર રહેશે.

પુરુવંશના રાજા પ્રતીપ પોતાની પત્ની સાથે ગંગાદ્વાર પર તપસ્યા કરી રહ્યા હતા. એક વખત ગંગા દિવ્ય રૂપ ધારણ કરીને તેમની સામે આવ્યા. બન્ને વચ્ચે ચર્ચા થઇ અને ચર્ચાને અંતે એવું નકતકી થયું કે તેઓ પ્રતીપના ભાવિ પુત્રની પત્ની બને. ગંગાજીએ રાજા પ્રતીપની વાત સ્વીકારી લીધી અને રાજા પ્રતીપે પોતાની પત્ની સાથે પુત્રની પ્રાપ્તી માટે ઉગ્ર તપસ્યા શરૂ કરી. રાજા પ્રતીપ ખૂબ જ લાંબા સમય સુધી તપસ્યા કરે છે. તેના પરિણામે પ્રતીપને ત્યાં મહાભિષે પુત્રરૂપે જન્મ લીધો. તે સમયે પ્રતીપ રાજાનો વંશ શાન્ત થઇ રહ્યો હતો. આવી અવસ્થામાં પુત્ર થવાને કારણે તેનું નામ શાંતનું પડ઼ું હતું.

મહાભિષ હવે યુવાન થયો ત્યારે તેના પિતાએ તેમને કહ્યું કે તારી પાસે એક શ્રેષ્ઠ સ્ત્રી પુત્રની આશાથી આવશે. તું તેની કોઇપણ પ્રકારની પુછપરછ કરતો નહિ. પુત્ર શાંતનુને રાજગાદી પર બેસાડયા અને સ્વયં વનમાં ચાલ્યા ગયા. એક વખત શાંતનુ રાજા જંગલમાં શિકાર કરતા–કરતા ગંગા નદિ નજીક પહોંચી ગયા. તેમણે ત્યાં એક સુંદર સત્રીને જોઇ. તેનું રૂપ સૌદર્ય લક્ષ્મીજી જેવું લાગતું હતુ. તેની સુંદરતા જોઇને શાંતનું રાજા ચકિત થઇ ગયા. તેના આખા શરીરમાં રોમાંચ થવા લાગ્યો. તે સ્ત્રીના મનમાં પણ આવા જ ભાવો ઉત્પન્ન થયા. બન્ને એકબીજા પ્રત્યે આકર્ષાયા. અને એકબીજાનો પરિચય પૂછવા લાગ્યા.

રાજા શાતંનુએ તેનો પરિચય પૂછીને પોતાની સાથે લગ્ન કરવા માટે કહ્યુ, ત્યારે તે દેવીએ કહ્યુ મને તમારી રાણી થવું સ્વીકાર્ય છે. મારો શરત એ છે કે હું સારું ખરાબ કંઇપણ કામ કરું મને રોકશો નહિ, કંઇ પણ કહેશો નહિ. તમે આ શરત જયાં સુધી માનશો ત્યાં સુધી હું તમારી સાથે રહીશ તમે રોકશો કે ઠપકો આપશો ત્યારે હું તમને છોડીને ચાલી જઇશ. રાજાએ તેની શરતને માની લીધી. ગંગાદેવીને ઘણી પ્રસન્નતા થઇ. રાજા પણ વધારે કંઇ પૂછતાસ ન કરી અને તેની સાથે લગ્ન કરી લીધા. રાજા શાંતનું ગંગાજીના શીલ, સદાચાર, સુંદરતા અને ઉદારતા વગેરે ગુણોથી ખૂબ જ પ્રસન્ન થયો તે ગંગાદેવી ઉપર એટલો પ્રેમ કરતા હતા કે ઘણાં વર્ષો વીતી ગયાનો ખ્યાલ પણ ન રહ્યો.

અત્યાર સુધીમાં ગંગાજીના ગર્ભથી સાત પુત્રો ઉત્પન્ન થયા હતા. પરંતુ જ ારે પુત્ર થતો ત્યારે

તરત ગંગાજી ‘હું તારી પ્રસન્નતાનું કાર્ય કરું છું,’ એવું કહીને તેને ગંગાજીની ધારામાં નાખી દેતાં હતા. રાજા શાંતનુંને આ ક્રિયા ખૂબ જ દુઃખી કરતી હતી. પરંતુ આ મને છોડીને ચાલે જાશે તે ભયના કારણે કંઇ બોલતા નહિ. તેના સાતેય પુત્રોની આવી જ ગતિ થઇ હતી. જ ારે આઠમો પુત્ર થયો ત્યારે પણ તે હંસતી હતી. રાજા આ જોઇને ઘણું દુઃખ થયું અને તેમને મનમાં એવી ઇચ્છા થઇ કે આ પુત્ર મને મળી જાયે તેમણે ગંગાદેવીને કહ્યું, ‘‘અરે ! તું કોણ છે અને શું કામ આવું કરે છે? આ બાળકોને કેમ મારી નાંખે છે ો તું પુત્રોની હત્યારી છે તું ઘોર પાપ કરે છે.’’

ગંગાદેવી ત્યારે કહે છે ‘‘ ઓ પુત્રની ઇચ્છાવાળા લો, હું આ તમારા લાડલાને નથી મારતી. હવે શરત પ્રમાણે હું અહીં રહીશ નહિ. હું જહ્નુની પુત્રી ગંગા છું. મોટા–મોટા મહર્ષિઓ મારું સેવન કરે છે. દેવતાઓનું કાર્ય સિદ્ધ કરવા માટે જ હું આટલા દિવસ તમારી પાસે રહી છું. મારા આઠેય પુત્રો આઠ વસુ છે. આ લોકોને વસિષ્ઠનો શાપ હતો એટલા માટે તેને મનુષ્ય યોનિમાં જન્મ લેવો પડ ો હતો. તેમને મનુષ્યમાં લોકમાં તમારા જેવા પિતા અને મારા જેવી મા મળી શકતી ન હતી. તમે વસુઓના પિતા હોવાને કારણે તમને અક્ષય લોકોની પ્રાપ્તિ થશે. મે તેમને તરત જ મુકતત કરવાની પ્રતિજ્ઞા કરી લીધી હતી, તેથી આ પ્રમાણે કર્યું. હવે તેઓ શાપમુકતત થઇ ગયા છે.’’

રાજા શાંતનુ ગંગાને પ્રશ્ન પૂછે છે કે વસિષ્ઠ ઋષિ કોણ હતા ? તેમણે વસુઓને શાપ શા માટે આપ્યો? આ શિશુએ એવું કયું કર્મ કર્યું છે જેથી તેમને મનુષ્ય લોકમાં રહેવું પડશે. વસુઓએ મનુષ્યયોનિમાં શા માટે જન્મ લીધો? ત્યારે ગંગાદેવી રાજા શાંતનુને જણાવે છે કે વસિષ્ઠમુનિ વરુણના પુત્ર છે. મેરુ પર્વત પાસે જ તેમનો બહુ પવિત્ર તથા સુંદર આશ્રમ છે. કામધેનુની પુત્રી નંદિની તેમને યજ્ઞનું હવિષ્ય આપવા માટે ત્યાં જ રહે છે. એકવાર પૃથુ વગેરે વસુઓ પોતાની પત્નીઓ સાથે તે વનમાં આવ્યા. એક વસુપત્નીની નામના વસુને બતાવી. તેના પતિએ કહ્યું આ વસિષ્ઠની કામધેનુ ગાય છે. જો કોઇ મનુષ્ય આ ગાયનું દૂધ પીએ તો દસ હજાર વર્ષ સુધી જીવે એ સદાને માટે યુવાન રહે.

વસુપત્નીએ કહ્યું ‘હું મારી સખી માટે આ ગાયને લઇ જવા ઇચ્છું છું.’ તમે તેનું હરણ કરી લ્યો. પોતાની પત્નીની વાત માનીને દ્યોએ પોતાના ભાઇઓને બોલાવ્યા અને તે ગાયનું હરણ કરીને લઇ ગયા. મહર્ષિ વસિષ્ઠ વનમાંથી પાછા આવ્યા ત્યારે તેમને પોતાના આશ્રમે ગાય ન મળી. તેમણે દિવ્ય દષ્ટિથી જોયુ તો વસુઓ તેમની ગાયને લઇ ગયા હતા. તેમણે વસુઓને શાપ આપ્યો કે તમારી મનુષ્યયોનિમાં જન્મ થશે. વસુઓને આ શાપની ખબર પડી ત્યારે તેઓ વસિષ્ઠ ઋષિને પ્રસન્ન કરવા માટે નંદિની ગાય સહિત તેમના આશ્રમ પર આવ્યા ત્યારે વસિષ્ઠે કહ્યુ ‘બીજા બધા તો એક–એક વર્ષમાં જ મનુષ્ય–જન્મથી મુકિતત મેળવી શકશે, પરંતુ આ દ્યો નામનો વસુ પોતાના કર્મ ભોગવવા માટે ઘણાં દિવસો સુધી મૃત્યુલોકમાં રહેશે. આ વસુ પણ મૃત્યુલોકમાં સંતાન ઉત્પન્ન કરશે નહિ. સાથે–સાથે પોતાના પિતાની પ્રસન્નતા અને ભલાઇ માટે સ્ત્રીનો પણ ત્યાગ કરશે.

વસિષ્ઠજીએ આપેલા શાપની વાતને સાંભળીને બધા મારી પાસે આવ્યા અને એવી પ્રાર્થના કરી કે અમને જન્મ લેતાં જ તમે અમને પોતાના જળમાં ફેંકી દેજો. તે શરતનો મેં સ્વીકાર કરી લીધો અને તે જ પ્રમાણે કર્યું. આ અંતિમ આઠમો પુત્ર વસુ તે દ્યો નામનો વસુ છે. આ દીર્ઘકાળ સુધી મનુષ્યલોકમાં રહેશે. આવું કહીને ગંગાજી તે કુમાર સાથે અદશ્ય થઇ ગયા. આમ શાંતનુ રાજા સુખેથી રાજ નો કારભાર ચલાવા લાગ્યા. એક દિવસ રાજા શાંતનુ ગંગાનદીના કિનારે વિચરી રહ્યા હતા. તેમણે નદીમાં જોયું તો ગંગાનું જળ બહુ ઓછું થઇ ગયુ હતુ. તેમને થયુ કે ગંગાજી આજે કેમ વહેતી નથી? તેમણે આગળ તપાસ કરીને જોયુ તો એક દિવ્ય, તેજસ્વી, સુંદર કુમાર દિવ્ય અસ્ત્રોનો અભ્યાસ કરી રહ્યો હતો, તેમણે પોતાનાં બાણોના પ્રભાવથી ગંગાજીની ધારાને રોકી દીધી છે. આ પ્રકારનું અલૌકિક કર્મ જોઇને તે બહુ જ ચકિત થઇ ગયા. તેમણે પોતાના પુત્રને જન્મ વખતે જોયો હતો, એટલા માટે ઓળખી શક ા નહીં.

રાજકુમારોની કુશળતા જોઇને રાજા શાંતનુ ખૂબ જ પ્રભાવિત થયા હતા. પછી રાજા શાંતનુએ ગંગાજીને કહ્યું કે, 'તે કુમારને બતાવો' ત્યારે ગંગાજી સુંદર રૂપ ધારણ કરીને પોતાના પુત્રનો જમણો હાથ પકડીને રાજાની સામે આવ્યા. બાળકનું અનુપમ સૌદર્ય, દિવ્ય વસ્ત્રો જોઇને રાજર્ષિ શાંતનુ તેમને ઓળખી ન શકતયા. ત્યારે ગંગાજીએ કહ્યું કે, 'મહારાજ! આ તમારો આઠમો પુત્ર છે, જે મારાથી ઉત્પન્ન થયો હતો. આપ આનો સ્વીકાર કરો અને તમારી નગરીમાં લઇ જાઓ. આ દિવ્ય બાળકે વસિષ્ઠરૂષિ પાસેથી સંપૂર્ણ વેદોનું અધ્યયન કર્યું છે. સંપૂર્ણ અસ્ત્રોનો અભ્યાસ પૂરો કરી ચૂકતયો છે. આ મહાન યોદ્ધો અને ખૂબ જ પરાક્રમી બાળક છે. આ બાળકને તમારી નગરીમાં લઇ જઇને તેમને યોગ્ય સન્માન આપજો. રાજર્ષિ શાંતનું તેને રાજધાનીમાં લાવીને તરત જ તેનો યુવરાજપદ ઉપર અભિષેક કરે છે.

આમ રાજા શાંતનુ તથા ગંગાજીના વિવાહ થાય છે. તેના દ્વારા એક શ્રેષ્ઠ પુત્રરત્ન જન્મ લે છે તે મહાભારતનું મુખ્ય અને અમર પાત્ર બને છે. વિવાહના નિયમોને થોડે ઘણે અંશે ફેરફાર કરીને પણ મહાભારત મહાકાવ્યના મહાન વિરોએ ધર્મનું અનુસરણ કર્યું છે. તેઓ ધર્મને આગળ રાખીને ચાલ્યા છે. પોતાના દેશની પ્રગતિ માટે થોડી બાંધછોડ કરીને પણ દેશને વિકાસશીલ બનાવ્યું છે. દરેક રાજાઓએ પોતાના દેશની પ્રજાને સુખી તથા સમૃદ્ધ બનાવી છે. એટલા માટે જ મહાભારતના રાજાઓ મહાન અને પરાક્રમી હતા.[૧]

### ૨. શાંતનુના સત્યવતી સાથે વિવાહ :

રાજા શાંતનુ મહાન પરાક્રમી અને પ્રજા પાલક રાજા હતા. તે અત્યંત મેઘાવી, ધર્માત્મા અને સત્યનિષ્ઠ હતા. મોટા—મોટા દેવર્ષિઓ તેમની આદર કરતા હતા. દાન, ક્ષમા ઇન્દ્રિયનિગ્રહ, જ્ઞાન, સંકોચ અને ધૈર્ય તેમના જીવન હતા. તેઓ માત્ર ભારતવર્ષના જ નહિ સંપૂર્ણ પ્રજાના એકમાત્ર રક્ષક હતા. તેમનું ચરિત્ર જોઇને બધા લોકોને એ જ નિશ્ચય કર્યો કે કામ અને અર્થથી ચઢિયાતો ધર્મ જ છે. તે સમયમાં

ધાર્મિકતામાં તેઓ સૌથી મોખરે હતા. પ્રજાનો શોક, ભય અને વિધ્નો દૂર થઇ ગયા હતા. રાજની પ્રજા સુખેથી નિંદ્રા લેતી હતી. તેમના તેજસ્વી શાસનથી પ્રભાવિત થઇને બીજા સામંત રાજાઓ પણ યજ્ઞ, દાન વગેરેમાં તત્ત્યપર રહેતા હતા. વર્ણાશ્રમ–ધર્મ ઉત્તરોત્તર પુષ્ટ બનવા લાગ્યો હતો.

શાંતનુના રાજ માં પ્રજા ધર્મનું અનુસરણ કરતી હતી. ક્ષત્રિયો બ્રાહ્મણોની સેવા કરતા, વૈશ્યો ક્ષત્રિયોનું અનુસરણ કરતા અને શુદ્રો બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્યોની પ્રેમથી સેવા કરતા હતા. તેની રાજધાની હસ્તિનાપુર હતી તે ત્યાંથી જ આખી પૃથ્વીનું સંચાલન કરતા હતા. શાંતનું રાજાના શાસનકાળ માં પશુ, શૂકર, હરણ અને પક્ષીઓને કોઇ મારી શકતા નહિં. તેમના રાજ માં બ્રાહ્મણોની પ્રધાનતા હતી અને તેઓ સ્વયં ખૂબ વિનય સાથે દ્વેષ રહિત થઇને પ્રજાનું પાલન–પોષણ કરતા હતા. તે રાજાના શાસનમાં પ્રજા ધાર્મિક કાર્યો કરતી હતી. યજ્ઞો માટે પ્રજાને પ્રોત્સાહિત કરવામાં આવતી હતી. રાજા શાંતનું દુઃખી તથા અનાથ લોકો બધાની રક્ષા કરતા હતા. તે સમયમાં લોકો પણ ખૂબ જ સત્યનિષ્ઠ હતા. અને દાન પુણ્ય વગેરેનું કાર્ય કરતા હતા. આમ કરતા કરતા રાજાએ પ્રજાને સુખી અને સમૃદ્ધ બનાવી હતી. તેના શાસનમાં પ્રજા ખૂબ જ સુખી અને આનંદિત હતી.

એક દિવસ રાજર્ષિ શાંતનું યમુના કિનારે વિચરણ કરી રહ્યા હતા. ત્યા તેમને શ્રેષ્ઠ સુગંધ આવતી જણાઇ તે સુગંધ કયાંથી આવે છે તેની ખબર ન પડી. તેની તપાસ કરવા લાગ્યા. ત્યાંના નિષાદોમા તેમને એક દંવાંગના જેવી કન્યા જોવા મળી. રાજાએ તેને પુછ્ું, ‘કલ્યાણી, તું કોની કન્યા છે ? ત્યારે તે કન્યાએ કહ્યુ હું નિષાદકન્યા છું. મારા પિતાની આજ્ઞાથી ધર્મના પાલન માટે નાવ ચલાવુ છું. તે સ્ત્રી ખૂબ જ સુંદર હતી તેનાથી મોહિત થઇને રાજા શાંતનુંએ તેને પોતાની પત્ની બનાવવા માટે તેના પિતા પાસે જઇને તેની માંગણી કરી.

તે નિષાદકન્યાના પિતાએ કહ્યુ કે આ દિવ્ય સ્ત્રી મને મળી છે ત્યારથી તેના લગ્ન માટે હું ચિંતિત છું. પરંતુ આના સંબંધમાં મારા મનમાં એક ઇચ્છા છે. જો તમે આનને ધર્મપત્ની બનાવવા ચાહો છો તો તમે એક પ્રતિજ્ઞા કરો. તમે સત્યવાદી છો, મહાન છો, તમારા જેવો પુરુષ મને ક ાંય નહિ મળે. રાજાએ કહ્યુ પહેલા તમારી શરત કઇ છે તે જણાવો. વચન આપવા જેવું હશે તો આપીશ. નિષાદરાજે કહ્યું ‘આના ગર્ભથીજે પુત્ર થાય, તે જ તમારા પછી રાજ નો અધિકારી થાય, રાજા શાંતનુએ તેની શરતનો સ્વીકાર ન કર્યો અને સતત ચિંતન કરતા–કરતા હસ્તિનાપુર પાછા આવ્યા. રાજા શાંતનું તે દિવસથી સદાને માટે ચિંતિત રહેવા લાગ્યા. તેના મનમાં સદાને માટે તે સ્ત્રીના જ વિચાર આવતા હતા.

એક વખત શાંતનુનો પુત્ર દેવવ્રત પોતાના પિતાને ચિંતિત જૂએ છે. તે તેમની પાસે આવીને કહે છે, ‘પિતાજી! તમે પૃથ્વી પરના મહાન રાજા છો બધા રાજાઓ તમારા વશમાં છે. તમે બધસ જ રીતે સકુશળ છો છતાં પણ તમે દુઃખી થઇને શું વિચારો છો? તમે એટલા ચિંતિત છો કે ન મને મળો છો કે ન

ઘોડા પર બેસીને બહાર જાઓ છો. તમારો ચહેરો નિસ્તેજ થઇ ગયો છે. તમે દૂબળા થઇ ગયા છો. કૃપા કરીને તમારો રોગ મને જણાવો, હું તેનો ઉપાય કરીશ.' શાંતનુએ કહ્યું, 'બેટા! ખરેખર હું ચિંતિત છું. આપણા આ મહાન વંશમાં એકમાત્ર તું જ વંશધર છે અને તું પણ હંમેશા સશસ્ત્ર રહીને વીરતાના કાર્યમાં તત્ત્યપર રહે છે.

દુનિયાનો નિયમ છે કે લોકો જન્મે અને મૃત્યુ પામે છે. આ જોઇને હું ઘણો ચિંતિત છું. ભગવાન ન કરે કે આવું કંઇ થાય, પણ જો તારા પર કોઇ વિપત્તિ આવી પડી તો આપણા વંશનો તો નાશ થઇ જશે. ખરેખર તું એકલો જ સેંકડો પુત્રોથી શ્રેષ્ઠ છે અને હું વ્યર્થમાં વધારે લગ્નો પણ કરવા ઇચ્છતો નથી, છતાં પણ વંશપરંપરાની રક્ષા કરવા માટે તો ચિંતા છે જ.' ત્યારે દેવવ્રતે પોતાની બુદ્ધિ–શકિતતથી બધું જ સમજી અને જાણી લીધું અને પોતાના મંત્રીઓએ પૂછ્ું તથા પેલા નિષાદની શરત વિશે પણ જાણી લીધું. ત્યાર પછી વિચાર કરીને દેવવ્રત પોતાના વડિલોને લઇને દાસરાજના ઘરે ગયા અને ત્યાં જઇને પોતાના પિતાને માટે ઘરે ગયા અને ત્યાં જઇને પોતાના પિતાને માટે સ્વયં કન્યાની માગણી કરી.

નિષાદરાજે આવેલા દેવવ્રત તથા વૃદ્ધ વડિલોનો આદર સત્કાર કર્યો અને કહ્યુ 'ભરતવંશ શિરોમણી ! શાંતનુની વંશરક્ષા માટે તમે એકલા જ પર્યાપ્ત છો. છતાં પણ આવો ઇચ્છવા યોગ્ય સંબંધ તૂટી જવાથી સ્વયં ઇન્દ્રને પણ પશ્ચાત્તાપ કરવો પડશે. હું આ કન્યાનો પિતા છું એટલા માટે મને આની અધિક ચિંતા છે. આ લગ્નસંબંધમાં એક જ દોષ છે તે એ છે કે સત્યવતીના પુત્રનો શત્રુ બહુ પ્રબળ થશે. યુવરાજ! જેના તમે શત્રુ થઇ જશો, તે ભલે ગંધર્વ હોય કે અસુર, જીવતો રહી શકશે નહિ. આવું વિચારીને જ તમારા પિતાને આ કન્યા મેં ન આપી.

ગંગાપુત્ર દેવવ્રતે નિષાદરાજની વાત સાંભળીને ક્ષત્રિયો સમાજમાં પોતાના પિતાના મનોરથને પૂરો કરવા માટે પ્રતિજ્ઞા કરી – 'નિષાદરાજ! હું સોગંધપૂર્વક આ સત્ય પ્રતિજ્ઞા કરું છું કે આના ગર્ભથી જે પુત્ર થશે, તે જ અમારો રાજા થશે. મારી આ કઠોર પ્રતિજ્ઞા અભૂતપર્વ છે અને ભવિષ્યમાં પણ ભાગ્યે જ કોઇ આવી પ્રતિજ્ઞા કરે.' નિષાદરાજ હજી કાંઇક વધારે ઇચ્છતો હતો. તેણે કહ્યું, યુવરાજ! તમે સત્યવતી માટે જે પ્રતિજ્ઞા કરી છે, તે તમારે અનુરૂપ જ છે. આના વિશે મને કોઇ સંદેહ નથી. મારા મનમાં છતાં એક સંદેહ જરૂર છે, તે એ છે કે કદાચ તમારો પુત્ર સત્યવતીના પુત્ર પાસેથી રાજ યુદ્ધ કરીને પડાવી લેશે તો આમ નિષાદરાજે શંકા વ્યકતત કરી.

નિષાદરાજની શંકાનું સમાધાન કરવા માટે દેવવ્રતે પ્રતિજ્ઞા કરી, 'હે ક્ષત્રિયો ! મેં મારા પિતા માટે રાજ નો પરિત્યાગ તો પહેલા જ કરી દીધો છે. હવે સંતાન માટે આજે નિશ્ચય કરી રહ્યો છું. નિષાદરાજ! આજથી મારું બ્રહ્મચર્ય અખંડ રહેશે. સંતાન ન થવા છતાં મને અક્ષય લોકોની પ્રાપ્તિ થશે.' દેવવ્રતની આ કઠોર પ્રતિજ્ઞા સાંભળીને નિષાદરાજના શરીરમાં રોમાંચ થયો. તેણે કહ્ય, 'હું કન્યા આપું

છું.' તે જ સમયે આકાશમાંથી દેવતાઓ, ઋષિઓ અને અપ્સરાઓ દેવવ્રત પર પુષ્પોની વૃષ્ટિ કરવા લાગ્યા અને બધાએ કહ્યુ– 'આ ભીષ્મ છે, આનું નામ 'ભીષ્મ' થવું જોઇએ. ત્યારપછી દેવવ્રત ભીષ્મ સત્યવતીને રથમાં બેસાડીને હસ્તિનાપુર લઇ આવ્યા અને પોતાના પિતાને સોંપી દીધી.

દેવવ્રતે ખૂબ જ ભીષણ પ્રતિજ્ઞા લીધી હતી. દેવવ્રતની આ ભીષણ પ્રતિજ્ઞાની પ્રશંસા બધા લોકો ભેગા થઇને અને અલગ–અલગ પણ કરવા લાગ્યા. બધાએ કહ્ય, 'ખરેખર આ ભીષ્મ છે.' ભીષ્મનું આ દુષ્કર કાર્ય સાંભળીને શાંતનું રાજા બહુ પ્રસન્ન થયા તેમણે પોતાના પુત્રને વરદાન આપ્યું, 'મારા નિષ્પાપ પુત્ર! જ ાં સુધી તું જીવવા ઇચ્છીશ, ત્યાં સુધી મૃત્યુ તારો વાળ પણ વાંકો નહીં કરી શકે. તું તારી ઇચ્છા પડે ત્યાં સુધી જીવી શકીશ.' આજ હું તારાથી ખૂબ જ પ્રસન્ન થયો છું. તારી સ્વીકૃતિ ન મળે ત્યાં સુધી મૃત્યુ તારા પર પ્રભાવ પાડી શકશે નહીં.

પોતાના પિતાને માટે થઇને ભીષ્મએ આજીવન બ્રહ્મચર્ય રહેવાની પ્રતિજ્ઞા કરી અને તે પ્રતિજ્ઞા તેમણે જીવનપર્યંત નિભાવી પણ હતી. પોતાના પિતા ચિંતિત છે તે ભીષ્મએ જાણ્યુ અને તરત જ તેના ઉકેલ માટે વિચારવા લાગ્યા. પુરુષને માટે પોતાના પિતાનું પ્રસન્ન રહેવું તે જ મોટું સુખ છે. પિતાને દરેક પરિસ્થિતિમાં આનંદિત રાખવા તથા તેનું સપનું પૂર્ણ કરવું તે પુત્રની પ્રથમ ફરજ છે. તે ફરજને ધ્યાનમાં રાખીને ભીષ્મ પોતાના પિતા શાંતનુના ઉદાસ મનને જાણે છે અને તે કઠોર પ્રતિજ્ઞા કરીને પણ પોતાના પિતાનું ઇચ્છિત કાર્ય કરે છે. પોતાના પિતાને ખાતર તે પોતાનો અંગત સ્વાર્થ, અંગત સુખને તિલાંજલી આપી દે છે. આ વતની તેના પિતાને જાણ થાય ત્યારે તેના પિતા ખૂબ જ પ્રસન્ન થાય છે અને પોતાના પુત્રને કોઇને કતયારેય ન આપ્યા હોય તેવા આશીર્વાદ આપે છે.[3]

**૩. પાંડુરાજાના લગ્ન :**

મહાભારતના મહાકાવ્યની એક વિશિષ્ટ જ પરંપરા છે. તેની કથાવસ્તુ દરેક વ્યકિતતને આકર્ષે છે. મહાભારતના બીજા મહાપુરુષ પાંડુરાજા હતા. તેના વિવાહની કથા પણ રોચક છે. રાજા શાંતનુની પત્ની સત્યવતીના ગર્ભથી બે પુત્રો ઉત્પન્ન થયા ચિત્રાંગદ અને વિચિત્રવીર્ય. તે બંને ખૂબ જ શ્રેષ્ઠ અને પરાક્રમી હતા. ચિત્રાંગદે યુવાવસ્થામાં પ્રવેશ પણ કર્યો ન હતો ત્યાં જ શાંતનુનો સ્વર્ગવાસ થઇ ગયો. ભીષ્મજીએ સત્યવતીની સંમતિથી ચિત્રાંગદને રાજગાદી પર બેસાડ ો. તેણે પોતાના પરાક્રમથી બધા રાજાઓને પરાજીત કર્યા. તે ખૂબ જ બહાદૂર હતા. ગંધર્વરાજ ચિત્રાંગદ બહુ મોટા માયાવી હતો. તેના હાથે રાજા ચિત્રાંગદનું મૃત્યુ થઇ ગયું. દેવવ્રત ભીષ્મે ભાઇની અત્યેષ્ટિ ક્રિયા કર્યા પછી વિચિત્રવીર્યનો રાજગાદી પર અભિષેક કર્યો.

વિચિત્રવીર્ય પણ જુવાન જ હતા. તેઓ ભીષ્મની આજ્ઞાનુસાર પોતાના વારસામાં મળેલા રાજ નું શાસન કરવા લાગ્યા. વિચિત્રવીર્ય ખૂબ જ આજ્ઞાકારી હતા. ભીષ્મએ જોયું કે મારો ભાઇ યુવાન થઇ

ગયો છે એટલે એમના વિવાહની વ્યવસ્થા કરવી જોઈએ. ત્યારે કાશીનરેશની ત્રણ કન્યાઓનો સ્વયંવર યોજાયો હતો. ભીષ્મપિતામહ ત્યાં ગયા અને ત્રણે કન્યાના હરણ કરી લાવ્યા. ત્રણે કન્યાને વિચિત્રવીર્યને સોંપી દીધી અને લગ્નનું આયોજન કર્યું. ત્યારે કાશીનરેશની મોટી કન્યા મનથી શાલ્વ રાજાને વરી ચૂકી છે એટલે તેને જવા દીધી. બાકીની બન્ને કન્યાઓ અંબિકા અને અંબાલિકાને વિચિત્રવીર્ય સાથે પરણાવી દીધી. લગ્ન પછી વિચિત્રવીર્યને ક્ષયરોગ થઈ ગયો અને તેનું અવસાન થયું. ત્યારે નિયોગ પદ્ધતિથી વ્યાસજી દ્વારા અંબિકાથી ધૃતરાષ્ટ્ર અને અંબાલિકાથી પાંડૂનો જન્મ થયો.

પાંડુરાજા ખૂબ જ પરાક્રમી અને બાહોશ હતા. તેમણે પોતાના રાજ નો ખૂબ જ વિસ્તાર કર્યો હતો. તેમણે પોતાના રાજ નો ખૂબ જ વિસ્તાર કર્યો હતો. તે પરમજ્ઞાની પણ હતા. તે યુવાન થતા ભીષ્મપિતામહને તેના લગ્નની ચિંતા થવા લાગી. પાંડુના વિવાહ માટે કન્યાની શોધ થવા લાગી. કુંતીભોજની વિશાળ લોચનવાળી, ધર્મનિષ્ઠ, સર્વગુણ સપન્ન, સૌંદર્યમૂર્તિ પુત્રી કુંતીની કામના કેટલાય રાજાઓ કરી રહ્યા હતા. કુંતી ખૂબ જ સુંદર હતી અને તે સ્વર્ગની અપ્સરા જેવી લાગતી હતી. એમની કામના અને પ્રાર્થનાને લક્ષમાં લઈને યૌવનના પ્રાગણમાં પ્રવેશેલી કુંતીને કાજે તેના પિતાએ સ્વયંવરની યોજના ઘડવામાં આવી. એ સ્વયંવરમાં સમુપસ્થિત થયેલા અસંખ્ય પુણ્યશાળી પ્રતાપી રાજાઓમાંથી કુંતીએ પરમ પરાક્રમી, સર્વાધિક પુણ્યશાળી, સિંહ સરખા સન્માનવાળા, વિશાળ છાતીવાળા, બધા જ રાજાઓની ક્રાંતિને સૂર્ય સમાન ઢાંકી દેનારા, ઈન્દ્ર જેવા આકર્ષક રાજા પાંડુને જોઈને અનંત આકર્ષણને અનુભવીને એના કંઠમાં વરમાળાને પહેરાવી દીધી.

કુંતી પાંડુને વરી છે એવું જાણીને બીજા બધા રાજાઓ જેવી રીતે આવ્યા હતા તેવી રીતે હાથી, ઘોડા તથા રથ પર બેસીને નિરુત્સાહ બનીને પાછા જતા રહ્યા. કુંતીના પિતા કુંતીભોજે પાંડુ સાથે વિધિપૂર્વક વિવાહ કરીને કૃતકૃત્યતા અનુભવી બ્રાહ્મણો અને મહર્ષિઓના શુભાર્શીવાદથી સંપન્ન પાંડુએ પોતાની સેના સાથે નગરમાં પ્રવેશ કર્યો. આમ, પાંડુના લગ્ન ખૂબ જ સારી રીતે સંપન્ન થયા હતા. પાંડુ પણ ખૂબ જ પરાક્રમી હતા અને કુંતી પણ અપ્સરા જેવી લાગતી હતી. બન્નેનો સંસાર ખૂબ જ સારી રીતે ચાલતો હતો. ભીષ્મપિતામહ પાંડુને જરૂરી યોગ્ય માર્ગદર્શન આપતા હતા એટલે કોઈપણ પ્રકારનો વિઘ્ન આવવાની શકતયતા ન હતી.

એકવાર ભિષ્મ પિતામહ રાજ ના મંત્રીઓ સાથે મળીને ચર્ચા કરે કે પાંડુના બીજા લગ્ન પણ થવા જોઈએ. તેના માટે તેણે શલ્યરાજાની પુત્રી ઉપર પસંદગી ઉતારી. ત્યારપછી થોડા સમય વીત્યા પછી શાંતનુપુત્ર ભીષ્મે વયોવૃદ્ધ, પ્રધાનો, બ્રાહ્મણો અને સુવિશાળ ચતુરંગિણી સેના સાથે મદ્રપતિ રાજા શલ્યના નગર તરફ ગયો રાજા શલ્યએ સામે ચાલીને તેમનું સાદર સમુચિત સંતોષકારક સ્વાગત કર્યું અને પ્રેમપૂર્વક પૂજન–અર્ચન કરીને પોતાના નગરમાં પ્રવેશ કરાવ્યો. બન્ને વચ્ચે ખૂબ જ લાંબી વાતચીત

થઇ ત્યારપછી શલ્યએ સુખકાર આગમનનું કારણ પૂછ્યું. ત્યારે ભીષ્મે પોતાના આગમનનું પ્રયોજન જણાવતા કહ્યું કે આપની સૌદર્યમંડિતા યશસ્વિની બહેન માદ્રીની પાંડુ માટે માંગણી કરું છું. રાજા શલ્યએ આ માંગણીનો સહર્ષ સ્વીકાર કરી લીધી.

પાંડુ રાજા અને માદ્રી બન્ને ખૂબ જ સ્વરૂપવાન હતા. બન્નેના લગ્ન થાય તો સમાજને પણ તેનો ખૂબ જ લાભ મળે તેમ હતો એટલાં માટે તેના ભાઇ શલ્યએ આ માંગણીનો તરત સ્વીકાર કરી લીધો. નિયમ અનુસાર ભીષ્મએ શલ્યને ઘણું બધું સુવર્ણ તથા વિવિધ રત્નો આપ્યા. તે ઉપરાંત ઘોડા, હાથી, રથ, અલંકાર, વસ્ત્ર, મણિ, મુકતતા તથા પરવાળાં આપ્યાં. બન્નેના લગ્નથી બધા ખૂબ જ પ્રસન્ન થયા હતા. પાંડૂએ માદ્રી તથા પ્રથમની પત્ની કુંતી સાથે સ્વૈચ્છિક સુખોપભોગ કરવા લાગ્યો. સુખી જીવન જીવતા–જીવતા તેણે રાજોનો વિસ્તાર વધારવાનું ચાલુ કર્યું. આમ પાંડુએ અનેક રાજોને જીતીને હસ્તિનાતુરને એક ખૂબ જ સમૃદ્ધ રાજ બનાવી દીધુ તથા તેમણે ભીષ્મના સુખદ આશીર્વાદ પ્રાપ્ત કર્યા.

રાજા પાંડુએ પૃથ્વીનો દિગ્વજય કરવાનું વિચાર્યું. તેમણે ભીષ્મ વગેરે ગુરુજનો, મોટાભાઇ તથા શ્રેષ્ઠ કુરુવંશીઓને સેના સાથે દિગ્વિજય માટે પ્રસ્થાન કર્યું. બ્રાહ્મણોએ સ્વસ્તિ મંત્રો બોલીને આશીર્વાદ આપ્યા. યશસ્વી પાંડુએ સર્વપ્રથમ પોતાના અપરાધી શત્રુ દર્શાર્ણના રાજા પર ચડાઇ કરી અને તેને યુ દ્ધમાં જીતી લીધો. ત્યારપછી પ્રસિદ્ધ વિજયી વીર મગધરાજને રાજગૃહમાં જઇને મારી નાખ્યો. ત્યાંથી ઘણું ધન અને વાહનો વગરે લઇને તેમણે વિદેહ પર ચડાઇ કરી અને ત્યાંના રાજાને હરાવ્યો.

પાંડુ રાજાએ ત્યારપછી કાશી, શુમ્ભ, પુંડ વગેરે રાજો પર વિજય પતાકા ફરકાવી. અનેક રાજાઓ પાંડુ સાથે લડ ા અને નષ્ટ થઇ ગયા. બધાએ પરાજિત થઇને પાંડુનો પૃથ્વીના સમ્રાટ તરીકે સ્વીકાર કર્યો. સાથે–સાથે મણિ–માણેક, મુકતતા, પ્રવાલ, સોનું, ચાંદી, ગાયો, ઘોડા, રથ વગેરે પણ ભેટમાં આપ્યા. મહારાજ પાંડુએ તેમની ભેટનો સ્વીકાર કર્યો અને હસ્તિનાપુર પાછા આવ્યા. પાંડુને સકુશળ આવેલા આંખોમાં આંસુ છલકાઇ આવ્યા. આમ, પાંડુની કીર્તિમાં કુંતી અને માદ્રી પોતાના જીવનમાં પરિણય સંસ્કારે મહત્વની ભૂમિકા ભજવી હતી.[૪]

### ૪. ધૃતરાષ્ટ્ર અને ગાંધારીના વિવાહ :–

મહાભારત મહાકાવ્યમાં વિર પુરુષોની ગાથાઓનું વર્ણન છે. મહાભારતમાં એકથી એક મહાન પુરુષો થયા છે. દરેક લોકો વિર અને મહાબળવાન હતા. શાંતનુ રાજાના બે પુત્રો થયા ચિત્રાંગદ અને વિચિત્રવીર્ય પરંતુ તે બન્ને નિઃસંતાન જ મૃત્યુ પામ્યા હતા. ત્યારે વંશને આગળ વધારવા માટે સત્યવતીએ વ્યાસજીને કહ્યુ કે ''તમે આ વંશને આગળ વધારો'' ત્યારે વ્યાસજીએ માતાની આજ્ઞાનો સ્વીકાર કરીને અંબિકાથી ધૃતરાષ્ટ્ર અને અંબાકિલાથી પાંડૂને ઉત્પન્ન કર્યા. તથા અંબિકાની પ્રેરણાથી તેની દાસીએ વ્યાસજી દ્વારા વિદુરને ઉત્પન્ન કર્યા. આમ પોતપોતાની માતાના દોષને કારણે ધૃતરાષ્ટ્ર આંધળા અને પાંડુ પીળા થઇ ગયા.

ધૃતરાષ્ટ્ર ખૂબ જ બળવાન અને સૌથી મોટા પુત્ર હતા. સમય જતા તેના લગ્ન કરવાનો પણ સમય આવ્યો પરંતુ તે જન્મથી અંધ હતા એટલે તેના જેવું યોગ્ય પાત્રની શોધ કરવી તે ભીષ્મને માટે ચિંતાનો વિષય હતો. છતા પણ ધૃતરાષ્ટુ પાંડૂ અને વિદુરના જન્મથી કુરુવંશ, કુરુજાંગલ દેશ અને કુરુક્ષેત્ર ત્રણેયની ભારે ઉન્નતિ થઇ. અનાજનું ઉત્પાદન વધી ગયું. સમય પ્રમાણે આપમેળે વરસાદ થવા લાગ્યો. વૃક્ષોમાં ઘણા ફળ–ફુલ આવવા લાગ્યા. પશુ–પક્ષી વગેરે પણ સુખી થઇ ગયા. નગરોમાં વેપારી, કારીગર અને વિદ્વાનોની સંખ્યામાં વધારો થઇ ગયો. સંતો સુખી થઇ ગયા, કોઇ ચોર રહ્યો નહિ, પાપીઓનો અભાવ થઇ ગયો, માત્ર રાજધાનીમાં જ નહિ, પૂરા દેશમાં સંતયુગ જેવું વાતાવરણ થઇ ગયું. ન કોઇ કંજૂસ હતું કે ન વિધવા સ્ત્રીઓ. બ્રાહ્મણોના ઘરમાં સદા ઉત્સવ થતા રહેતા.

ભીષ્મ પિતામહ બહુ જ લગન અને કાળજીથી ધર્મની રક્ષા કરતા હતા. તે સમયે બધે ધર્મ–શાસનની બોલબાલા હતી. ધૃતરાષ્ટ્ર, પાંડુ અને વિદુરના કાર્ય જોઇને નગરવાસીઓને બહુ જ પ્રસન્નતા થતી હતી. ભીષ્મ અત્યંત સાવધાનીથી રાજકુમારોની રક્ષા કરતા હતા. બધાના યથોચિત્ત સંસ્કાર કરવામાં આવ્યા. બધાએ પોતપોતાના અધિકાર પ્રમાણે અસ્ત્ર–વિદ્યા અને શાસ્ત્ર–જ્ઞાન સંપાદન કર્યું. વિવિધ પ્રકારની વિદ્યાઓ શીખ્યા. બધાએ ગજશિક્ષા અને નીતિશાસ્ત્રનું અધ્યયન કર્યું. ઇતિહાસ, પુરાણ અને અન્ય અનેક વિદ્યાઓમાં તેમની સારી સૂઝ હતી. બધા વિષયોમાં તેઓ પોતાનો મત જણાવતા હતા. મનુષ્યોમાં સૌથી શ્રેષ્ઠ ધનુર્ધર પાંડુ હતા અને સૌથી બળવાન ધૃતરાષ્ટ્ર હતા તથા મહાત્મા વિદુર જેવું ધર્મજ્ઞ અને ધર્મપરાયણ ત્રણે લોકમાં કોઇ ન હતુ.

મહાભારત કાલિન કુરુવંશ ખૂબ જ સમૃદ્ધ હતો. તેના વીરપુરુષોની કીર્તિ ચારે બાજુ ગવાતી હતી. તે સમયે બધા લોકો એવું જ કહેતા હતા કે આ વંશ જ શ્રેષ્ઠ છે. વીર પ્રવિણી માતાઓમાં કાશીનરેશની કન્યા, દેશોમાં કુરુજાંગલ, ધર્મજ્ઞોમાં ભીષ્મ અને નગરોમાં હસ્તિનાપુર બધાંથી શ્રેષ્ઠ છે. ધૃતરાષ્ટ્ર જન્મથી અંધ હતા અને વિદુર દાસીપુત્ર, તેથી તે બંનેને રાજ ના અધિકારી માનવામાં ન આવ્યા. પાંડૂ જ રાજા થયા. ત્યાર પછી બધા યુવાન થયા ત્યારે તેના વિવાહ કરવાનો સમય નજીક આવ્યો. ભીષ્મ પિતામહે સાંભળ્યુ કે ગાંધારનરેશ સુબલની પુત્રી ગાંધારી બધાં લક્ષણોથી સંપન્ન છે અને તેણે ભગવાન શંકરની આરાધના કરીને સો પુત્રોનું વરદાન પણ પ્રાપ્ત કરી લીધું છે. ત્યારે ભીષ્મે ગાંધાર નરેશ પાસે દૂત મોકલ્યો.

પિતામહ ભીષ્મએ મોકલેલો દૂત સુબલને બધી વાત કહે છે ત્યારે પ્રથમ તો સુબલે નેત્રહીન સાતે પોતાની પુત્રીનું લગ્ન કરવામાં ઘણો વિચાર કર્યો. પરંતુ ત્યારપછી કુળ, ખ્યાતિ અને સદાચાર પર વિચાર કરીને લગ્ન કરવાનો નિર્ણય લઇ લીધો. આ વાતની ગાંધારીને જાણ થઇ કે મારા ભાવિ પતિ નેત્રહીન છે તો તેણે એક વસ્ત્રની કેટલીય ગડી કરીને પોતાનો આંખો પર બાંધી દીધી. પતિવ્રતા

ગાંધારીનો એવો નિર્ણય હતો કે હું મારા પતિદેવને અનુકૂળ રહીશ. તેના ભાઇ શકુનિએ પોતાની બહેનને ધૃતરાષ્ટ્ર પાસે પહોંચાડી દીધી. ભીષ્મની અનુમતિથી લગ્ન કાર્ય સંપન્ન થયુ. તે પોતાના ચરિત્ર અને સદ્ગુણોથી પોતાના પતિ અને કુરુવંશ પરિવારને પ્રસન્ન રાખવા લાગી.

**૫. પાંડવોના લગ્ન :**

મહાભારત મહાકાવ્યમાં પાંડવોના લગ્ન તે ખૂબ જ મહત્વનો પ્રસંગ હતો. પ્રાચીન કાળમાં રાજા પોતાની સ્વરૂપવાન પુત્રીનો સ્વયંવર યોજતા હતો. તે સમયમાં સ્ત્રી સ્વતંત્ર હતી અને તે પોતાનો પતિ પોતાની રીતે શોધી શકતી હતી. રાજા દ્રુપદની એક સ્વરૂપવાન પુત્રી હતી દ્રોપદી. તે ખૂબ જ તેજસ્વી અને સતી સ્ત્રી હતી. મહાભારતમાં દ્રોપદી પણ ખૂબ જ મહત્વનું પાત્ર હતુ. રાજા દ્રુપદના મનમાં એ વાતની બહુ ઇચ્છા હતી કે મારી પુત્રી દ્રોપદીનાં લગ્ન કોઇ પણ રીતે અર્જુન સાથે થાય. પરંતુ તેમણે પોતાનો આ વિચાર કોઇની આગળ પ્રગટ ન કર્યો. તેની ખૂબ જ ઇચ્છા હતી કે મારી તેજસ્વી પુત્રીના લગ્ન અર્જુન સાથે થાય. એટલા માટે તેમણે ખૂબ જ બુદ્ધિપૂર્વક સ્વયંવરની રચના કરી.

દ્રોપદીનો સ્વયંવર ખૂબ જ કઠિન હતો. અર્જુન સિવાય કોઇપણ વીર પુરુષ એ ધનુષ્યની પ્રત્યંચા ચડાવી શકતું ન હતી, એવું ધનુષ્ય બનાવ્યુ હતું. એ સિવાય તેમણે આકાશમાં એક એવું યંત્ર ટિંગડાવી દીધું જે ફુદડી ફરતું હતું. તેની ઉપર વેધનું લક્ષ્ય રાખવામાં આવ્યું. જે વીરપુરુષ આ ધનુષ્ય પર પ્રત્યંચા ચડાવીને આ સજાવેલાં બાણો વડે ફુદડી કરતા યંત્રના છિદ્રમાંથી લક્ષ્મવેધ કરશે, તે જ મારી પુત્રીને પ્રાપ્ત કરી કરશે. સ્વયંવરનો મંડપ નગરના ઇશાન ખૂણામાં એક સમતળ અને સુંદર ભૂમિ પર બનાવવામાં આવ્યો હતો. તેની ચારે બાજુ મોટા–મોટા મહેલો, કોટ, ખાઇઓ અને ફાટક બનેલાં હતાં. તેની ચારે બાજુ તોરણો લટકી રહ્યાં હતાં. ભીંતોની ંચાઇ અને રંગબેરંગી ચિત્રકળાને કારણે તે મહેલ હિમાલય જેવા લાગતા હતા. આવી રીતે રાજા દ્રુપદે પોતાની પુત્રીના લગ્ન માટે સ્વયંવરની રચના કરી હતી.

દ્રોપદીનો સ્વયંવર યોજાયો હતો ત્યારે પાંડવો અજ્ઞાત વેશમાં વનમાં ફરી રહ્યા હતો. તે બ્રાહ્મણનું રૂપ લઇને પોતાનો અજ્ઞાતવાસ પસાર કરી રહ્યા હતો. નર–રત્ન પાંડવો પોતાની માતાની સાથે રાજા દ્રોપદના શ્રેષ્ઠ નગરને, તેમની પુત્રી દ્રોપદીને અને તેમના સ્વયંવર મહોત્સવને જોવા માટે રવાના થયા. ત્યારે તેમને રસ્તામાં એકસાથે ઘણાં બ્રાહ્મણોનાં દર્શન થયા. બ્રાહ્મણોએ પાંડવોને પૂછ્ કે, ''તમે લોકો ક ાંથી આવો છો અને ક ાં જઇ રહ્યા છો ?'' યુધિષ્ઠરે કહ્યુ 'પૂજનીય બ્રાહ્મણો ! અમે પાંચે ભાઇ એકસાથે જ રહીએ છીએ' ત્યારે બ્રાહ્મણોએ કહ્યું, 'તમે લોકો આજે જ પાંચાલ દેશનાં રાજા દ્રોપદીની રાજધાનીમાં ચાલો. ત્યાં સ્વયંવરનો બહુ જ મોટો ઉત્સવ થવાનો છે. અમે પણ ત્યાં જ જઇ રહ્યા છીએ.

યુધિષ્ઠરે તે બ્રાહ્મણોની વાત સ્વીકારી લીધી અને બધા લોકો સાથે સાથે ચાલવા લાગ્યા. થોડું ચાલ્યા પછી તેમને મહર્ષિ વેદવ્યાસજીનાં પણ દર્શન થયાં. રસ્તામાં ઘણાં બધાં લીલાંછમ જંગલો અને

ખીલેલાં કમળોથી શોભતાં સરોવરો જોતાં જોતાં તથા રસ્તામાં વિશ્રામ કરતા રહીને બધા લોકો આગળ વધવા લાગ્યા. આમ સાથે–સાથે ચાલતા લાંબો પંથ કપાઇ ગયો. સાથીઓને પાંડવોમાં પવિત્ર ચરિત્ર, મધુર સ્વભાવ, મીઠી વાણી અને સ્વાધ્યાયશીલતાથી બહુ આનંદ થયો. જ ાારે પાંડવોએ જોયું કે દ્રુપદનગર નજીક આવી ગયું છે અને તેનો કિલ્લો સ્પષ્ટ લેખાઇ રહ્યો છે, ત્યારે તેમણે એક કુંભારને ઘેર રહેવાનું નકતકી કર્યું. તેઓ ત્યાં રહીને બ્રાહ્મણોની જેમ ભિક્ષાવૃત્તિથી પોતાનો જીવન નિર્વાહ કરવા લાગ્યા.

રાજા દ્રુપદે પોતાની પુત્રી માટે યોજેલા સ્વયંવરનો સમય આવી ગયો. રાજા દ્રુપદ દ્વારા આમંત્રિત મહેમાનો, રાજાઓ રાજકુમારો સ્વયંવર મંડપમાં આવીને પોતપોતાના આસનો ઉપર બેસવા લાગ્યા. યુધિષ્ઠિર વગેરે પાંડવો પણ બ્રાહ્મણોની સાથે રાજા દ્રુપદનો વૈભવ નિહાળતા ત્યાં આવ્યા, અને તેમની સાથે બેસી ગયા. તે ઉત્સવનો સોળમો દિવસ હતો. દ્રુપદકુમારી કૃષ્ણા સુંદર વસ્ત્રાભૂષણોથી સજજ થઇને હાથમાં સોનાની વરમાળા લઇને મંદગતિથી રંગ–મંડપમાં આવી. ધૃષ્ટદ્યુમ્ને પોતાની બહેન દ્રોપદી પાસે ભા રહીને ગંભીર, મધુર અને પ્રિય વાણીમાં કહ્યું, સ્વયંવરના ઉદેશથી પધારેલા રાજાઓ અને રાજકુમારો ! તમે લોકો ધ્યાન દઇને સાંભળો. આ ધનુષ્ય છે, આ બાણ છે અને આ તમારી સામે લક્ષ્ય છે. તમે લોકો ફુદડી ફરતા યંત્રના છિદ્રમાંથી વધુમાં વધુ પાંચ બાણો દ્વારા લક્ષ્યવેધ કરી દો. જે બળવાન, રૂપવાન તથા કુલીન પુરુષ આ મહાન કાર્ય કરશે, મારી પ્રિય બહેન દ્રૌપદી તેની અર્ધાંગિની બનશે. મારી વાત કતયારેય જૂઠી થઇ શકતી નથી.

દ્રુપદપુત્રે આ પ્રકારની ઘોષણા કર્યા બાદ દ્રૌપદી તરફ જોઇને કહ્યું, ‘બહેન! જૂઓ, ધૃતરાષ્ટ્રના બળવાન પુત્ર દુર્યોધન, દુર્વિષહ, દુર્મુખ, દુષ્પ્રધર્ષણ, વિવિંશતિ, વિકર્ણ, દુઃશાસન, યુયુત્સુ વગેરે વીરશ્રેષ્ઠ કર્ણને સાથે લઇને તમારા માટે અહીં આવ્યા છે. મોટા–મોટા યશસ્વી અને કુલીન નરપતિ, જેમાં શકુનિ, વૃષક, બૃહદ્બલ વગેરે મુખ્ય છે, સ્વયંવરમાં તમને મેળવવા માટે અહીં આવ્યા છે. અ ત્થામા, ભોજ, મપિમાન, સહદેવ, જયત્સેન, રાજા વિરાટ, સુશર્મા, ચેકિતાન, પૌણ્ડ્રક, વાસુદેવ, ભગદત્તચ શલ્ય, શિશુપાલ, જરાસંઘ અને અનેક સુપ્રસિદ્ધ રાજા–મહારાજાઓ અહીં ઉપસ્થિત છે. આ પરાક્રમી રાજાઓમાંથી જે આ લક્ષ્યને વેધી નાંખે, તેના ગળામાં તું વરમાળા પહેરાવી દેજે.

દ્રુપદપુત્ર ધૃષ્ટદ્યુમ્ન આ પ્રમાણે બધાનો પરિચય આપ્યો અને પોતાની બહેનને પણ યોગ્ય સુચના આપી. તે જ સમયે ત્યાં રુદ્ર, આદિત્ય, વસુ, અિ નીકુમાર, સાધ્ય, મરુદ્ગણ, યમરાજ અને કુબેર વગેરે દેવતાઓ પણ વિમાનો દ્વારા આકાશમાં આવીને ભા હતા. દૈત્યો, ગરુડ, નાગ, દેવર્ષિ અને મુખ્ય–મુખ્ય ગંધર્વો પણ ઉપસ્થિત હતા. વસુદેવનંદન બલરામજી, ભગવાન શ્રીકૃષ્ણ, મુખ્ય મુખ્ય યાદવો અને બીજા ઘણા મહાનુભાવો સ્વયંવર મહોત્સવ જોવા માટે ત્યાં આવ્યા હતા. દ્રૌપદીનો સ્વયંવર ખૂબ જ વિચાળ અને કઠિન પણ હતો એટલા માટે દેશ–વિદેશમાંથી લોકો તેને જોવા માટે આવ્યા હતા.

સ્વયંવરના બધા જ નિયમો જાણીને દુર્યોધન, શાલ્વ, શલ્ય વગેરે રાજા અને રાજકુમારદએ પોતાનાં બળ, શિક્ષા, ગુણ અને ક્રમ અનુસાર ધનુષ્યને નમાવીને પ્રત્યંચા ચઢાવવાની કોશિશ કરી; પરંતુ તેમને એવો ઝાટકો લાગ્યો કે તેઓ ધડાધડ જમીન પર પડી ગયા. બેહોશીના કારણે તેમનો ઉત્સાહ તો ઓગળી જ ગયો. સાથે સાથે તેમના મુગટ અને હાર પણ પડી ગયા, સ ચડી ગયો. તેઓ દ્રૌપદીને પ્રાપ્ત કરવાની આશા છોડીને બધા પોતપોતાનાં સ્થાન પર જઇને બેસી ગયા. દુર્યોધન વગેરેને ઉદાસ અને નિરાશ જોઇને ધનુર્ધર–શિરોમણિ કર્ણ ઉભો થયો તેણે ધનુષ્યની પાસે જઇ ઝટપટ તેને ઉઠાવી લીધું અને જોતજોતામાં પ્રત્યંચા ચડાવી દીધી. ત્યાં તો દ્રૌપદી જોરથી બોલી ઉઠી, હું સૂતપુત્રને વરીશ નહિ.' કર્ણે આ સાંભળીને ઈર્ષ્યાભર્યા હાસ્ય સાથે સૂર્યની સામે જોયું અને કંપારી સાથે ધનુષ્યને નીચે મૂકી દીધું.

આમ એક પછી એક વીર યોદ્ધાઓ આવ્યા. શિશુપાલ ધનુષ્ય ચડાવવા માટે આવ્યો. પરંતુ ધનુષ્ય ઉઠાવતાં જ તે જમીન પર પડી ગયો. જરાસંઘની પણ એ જ દશા થઇ અને તે જ સમયે પોતાની રાજધાની જવા માટે રવાના થઇ ગયો. મદ્રદેશના રાજા શલ્યની પણ એજ હાલત થઇ. આ પ્રમાણે મોટા મોટા પ્રભાવશાળી રાજા લક્ષ્યવેધ ન કરી શકતયા, આખો સમાજ સંકોચ અનુભવવા લાગ્યો. તે જ સમયે અર્જુનના મનમાં એવો સંકલ્પ ઉઠ ો કે હવે હું જઇને લક્ષ્યવેધ કરું. ત્યારે બ્રાહ્મણોના સમાજમાંથી અર્જુન ભા થઇ ગયા અને લક્ષ્યવેધ તરફ આગળ વધ્યા. અર્જુનને ધનુષ્ય ચડાવવા માટે તૈયાર થયેલા જોઇને બ્રાહ્મણો ચકિત થઇ ગયા. કોઇ તો એવું વિચારવા લાગ્યા કે કતયાંક આ અમારી હાંસી ન કરાવી દે. કતયાંક રાજાઓ આના કારણે બ્રાહ્મણોનો દ્વેષ ન કરવા લાગે.

અર્જુન બ્રાહ્મણના રૂપમાં લક્ષ્યવેધ કરવા માટે જાય છે. આ ઉત્સાહી વીર છે, આનો મનોરથ પૂરો થશે. જુઓ, આ સિંહની જેમ ચાલે છે, ગજરાજ જેવો બળવાન છે, આ ધારે તે કરી શકે એમ છે. જો આનામાં શકિતત ન હોત તો આ આવી હિંમત શા માટે કરત? તપસ્વી અને દઢનિશ્ચયી બ્રાહ્મણ માટે કયું કાર્ય અસાધ્ય છે? બ્રાહ્મણ પોતાની શકિતતથી નાના–મોટાં બધાં કાર્ય કરી શકે છે. પરશુરામજીએ બધા ક્ષત્રિયોને યુદ્ધમાં જીતી લીધા, અગસ્ત્યજી સમુદ્રને પી ગયા ! 'આને તમે બધા આશીર્વાદ આપો કે એ લક્ષ્યવેધ કરી શકે.' બ્રાહ્મણો આશીર્વાદની વૃષ્ટિ કરવા લાગ્યા. જ ારે બ્રાહ્મણોમાં આવી અનેક પ્રકારની વાતો થઇ રહી હતી, તે જ સમયે અર્જુન ધનુષ્યનસ પાસે પહોંચી ગયા. તેમણે ધનુષ્યની પ્રદક્ષિણા કરી. ભગવાન શંકર અને શ્રીકૃષ્ણને મસ્તક ઝુકાવીને મનમાં જ પ્રણામ કર્યા અને ધનુષ્યને ઉઠાવી લીધું. જે ધનુષ્યને નાના–મોટા વીર પુરુષો ઉઠાવી ન શકતયા, પ્રત્યંચા ચડાવી ન શકતયા તે જ ધનુષ્યને અર્જુને વિના કોઇ પરિશ્રમે ઠાવી લીધું અને જોતજોતામાં જ પ્રત્યંચા ચડાવી દીધી.

સ્વયંવરને જોવા માટે આવેલા બધા જ લોકોની આંખો બરાબર અર્જુન પર મંડાઇ પણ ન હતી કે તેમણે પાંચ બાણ ઉઠાવીને તેમાંથી એક બાણ લક્ષ્ય પર છોડ ું અને તે યંત્રના છિદ્રમાં થઇને જમીન પર

પડી ગયું. ચારે બાજુ શોરબકોર થવા લાગ્યો, અર્જુનના મસ્તક પર પુષ્પોની વૃષ્ટિ થવા લાગી. બ્રાહ્મણો પોતાના ખેસ હલાવવા લાગ્યા. અર્જુનને જોઇને દ્રુપદની પ્રસન્નતાની કોઇ સીમા ન રહી. તેમણે મનમાં જ નિર્ણય કરી લીધો કે જરૂર પડશે તો હું મારી સંપૂર્ણ સેના સાથે આ વીરની સહાયતા કરીશ. જ ારે યુધિષ્ઠિરે જોયું કે અર્જુને પોતાનું કાર્ય કરી લીધું ત્યારે તેઓ તરત જ નકુળ અને સહદેવને લઇને ત્યાં પોતાના નિવાસસ્થાન પર ચાલ્યા આવ્યા. દ્રૌપદી હાથમાં વરમાળા લઇને અર્જુનની પાસે ગયાં અને તેમના ગળામાં તે પહેરાવી દીધી. બ્રાહ્મણોએ અર્જુનનો સત્કાર કર્યો અને તેઓ દ્રૌપદીની સાથે રંગભૂમિમાંથી બહાર નીકળ્યા.

અર્જુન અને દ્રૌપદીના લગ્ન થઇ જશે, એક બ્રાહ્મણ આ રીતે સ્વયંવર જીતી જાય ત્યારે ઉપસ્થિત રાજાઓ ક્રોધિત થઇને એકબીજાને કહેવા લાગ્યા. – ‘જુઓ તો ખરા, રાજા દ્રુપદ આપણાં બધાને તણખલા જેવા તુચ્છ સમજે છે અને પોતાની પુત્રીના લગ્ન એક બ્રાહ્મણની સાથે કરવા માટે તૈયાર થયા છે. તેમણે આપણે ક્ષત્રિયોને બોલાવીને આવો તિરસ્કાર કરવો ન જોઇએ. આ તો આપણું અપમાન છે. એટલા માટે રાજા દ્રુપદની પરવા ન કરતા આ બ્રાહ્મણને મારી નાખવો જોઇએ. શું આપણાંમાંથી એક પણ એવો નથી કે જે દ્રૌપદીને યોગ્ય હોય? સ્વયંવર ક્ષત્રિયો માટે છે, તેમાં બ્રાહ્મણોએ આવવાનો કોઇ અધિકાર નથી. જો આ કઝયા આપણામાંથી કોઇને ન વરે તો આને અગ્નિમાં હોમી દેવી જોઇએ. આ બ્રાહ્મણે પણ ચપળતાવશ આપણું અપ્રિય કર્યું છે.

રાજાઓ એકબીજા કહેવા લાગ્યા કે આને તો બ્રાહ્મણ સમજીને જવા દેવો જોઇએ. તથા રાજા દ્રુપદને મારી નાખવા જોઇએ. તેમ વિચારીને બધા દ્રુપદને મારવા માટે દોડ ા. રાજાઓને ક્રોધિત જોઇને દ્રુપદ ડરી ગયા. તેઓ બ્રાહ્મણોની શરણમાં ગયા. દ્રુપદને ભયભીત અને રાજાઓને આક્રમણ કરતા જોઇને ભીમસેન અને અર્જુન તેમની વચ્ચે આવી ગયાપ રાજાઓએ તેમના ઉપર આક્રમણ કરી દીધું. બ્રાહ્મણોએ એક સ્વરે મૃગચર્મ અને કમંડળ હલાવતા કહ્યુ. ડરશો નહિ, અમે તમારા શત્રઓની સામે લડીશું. અર્જુને હસતા હસતા કહ્યું, ‘બ્રાહ્મણો તમે લોકો એક બાજુ ભા રહીને તમાશો જુઓ. આ લોકોના માટે તો હું એકલો જ પર્યાપ્ત છું.’ અર્જુન ધનુષ્ય ચડાવીને ભીમસેનની સાથે અવિચળ ભાવે ભા રહી ગયા. મદોત્મત્ત કર્ણ વગેરે વીરોને સામે આવતા જોઇને તેઓ તેમના પર તૂટી પડયા. અર્જુન અને કર્ણ સામસામા આવી ગયા. અર્જુને ખેંચી ખેંચીને એવાં બાણ માર્યા કે કર્ણ બેહોશ જેવો થઇ ગયો.

ભીમસેન અને શલ્ય પણ યુદ્ધ કરવા લાગ્યા. ભીમસેને શલ્યને ધરતી પર પછાડયો. બધા બ્રાહ્મણો હસવા લાગ્યા. ભીમસેને શલ્યને પછાડી દીધો અને કર્ણ પણ યુદ્ધથી હઠી ગયો ત્યારે બધા લોકો શંકા કરવા લાગ્યા, સર્વસંમતિથી યુદ્ધ રોકી લેવામાં આવ્યુ. ભગવાન શ્રીકૃષ્ણે પહેલા જ ઓળખી લીધા હતા કે આ તો પાંડવો છે. તેથી તેમણે બધા રાજાઓને ખૂબ નમ્રતા સાથે સમજાવ્યા કે આ માણસે ધર્મને

અનુરૂપ દ્રૌપદીને પ્રાપ્ત કરી છે, તેથી તેની સાથે યુદ્ધ કરવું યોગ્ય નથી.ભગવાનના સમજાવવાથી અને ભીમસેનના પરાક્રમથી વિસ્મિત થઇને બધા લોકો યુદ્ધ બંધ કરીને પોતપોતાનાં નિવાસસ્થાને ચાલ્યા ગયા. તથા બ્રાહ્મણોથી ઘેરાયેલાં ભીમસેન અને અર્જુન દ્રૌપદીને સાથે લઇને પોતાનાં નિવાસસ્થાને ચાલ્યા ગયા.

પાંડવો ભિક્ષા લેવા માટે ગયા હતા. ભિક્ષા લઇને આવવાનો સમય વીતી ચૂકતયો હતો. માતા કુંતી પોતાના પુત્રીના સમયસર પાછા ન આવવાથી શંકાઓ કરી રહ્યા હતાં. તે જ સમયે દિવસના ત્રીજા પહોરે ભીમસેન અને અર્જુન દ્રોપદીને લઇને તેમના નિવાસસ્થાને આવ્યા. ભીમસેન અને અર્જુને દ્રૌપદીનીસાથે કુંભારના ઘરમાં પ્રવેશ કરીને પોતાની માને કહ્યું કે 'મા! આજે અમે લોકો આ ભિક્ષા લાવ્યા છીએ.' માતા કુંતી તે વખતે ઘરની અંદર હતાં. તેમણે પોતાના પુત્રો અને ભિક્ષાને જોયા વિના કહી દીધું કે બેટા! પાંચે ભાઇ મળીને તેનો ઉપભોગ કરો.' બહાર આવીને કુંતીએ જ ારે જોયું કે આ તો સાધારણ ભિક્ષા નથી, રાજકુમારી દ્રૌપદી છે, ત્યારે તેમને બહુ પશ્ચાતાપ થયો.

કુંતા માતા જોયા વગર એમ કહે છે કે પાંચેય ભાઇઓ તે ભિક્ષાને ગ્રહણ કરો. આવું કરીને તેને ખૂબ જ પસ્તાવો થાય છે. તેઓ તરતદ્રૌપદીનો હાથ પકડીને યુધિષ્ઠિરની પાસે લઇ ગયાં અને બોલ્યાં, ' બેટા! જ ારે ભીમસેન અને અર્જુન આ રાજકુમારી દ્રૌપદીને લઇને અંદર આવ્યા ત્યારે મેં જોયા વિના જ કહી દીધું કે તમે બધા મળીને આનો ઉપભોગ કરી. મે આજ સુધી કોઇ જાત અસત્ય કહી નથી. હવે તમે કોઇ એવો ઉપાય બતાવો, જેનાથી દ્રૌપદીને તો અધર્મ ન થાય, અને મારી વાત મિથ્યા પણ ન થાય.' યુધિષ્ઠિરે ઘડીભર વિચાર કરીને માતા કુંતીને એવું જ કરવાનું આસન આપ્યું અને અર્જુનને બોલાવીને કહ્યુ, 'ભાઇ! તમે મર્યાદા અનુસાર દ્રૌપદીને પ્રાપ્ત કરી છે. હવે વિધિ પ્રમાણે અગ્નિ પ્રજવલિત કરીને તેનું પાણિગ્રહણ કરો.' અર્જુને કહ્યું 'ભાઇ! તમે મને અધર્મનો ભાગી ન બનાવો. સત્પુરુષોએ કતયારેય આવું આચરણ કર્યું નથી.

અર્જુન ધર્મરાજ યુધિષ્ઠિરને કહે છે કે 'પહેલાં તમે, પછી ભીમસેન, ત્યારપછી હું લગ્ન કરીશ. મારા પછી સહદેવ અને નકુળનાં લગ્ન થાય. તેથી આ રાજકુમારીના લગ્ન તો પ્રથમ તમારી સાથે જ થવા જોઇએ. સાથે સાથે એ પણ વિનંથી છે કે તમે તમારી બુદ્ધિથી ધર્મ, યશ અને હિતને માટે જેવું ઉચિત સમજો તેવી આજ્ઞા કરો. અમે લોકો  તમારા આજ્ઞાકારી છીએ.' બધા પાંડવો અર્જુનનાં પ્રેમ અને મમતાભર્યા વચન સાંભળીને દ્રૌપદીને જોવા લાગ્યા. તે સમયે દ્રૌપદી પણ તેમને જોઇ રહી હતી. દ્રૌપદીનું સૌદર્ય, માધુર્ય અને સુશીલતાથી મુગ્ધ થઇને પાંચે ભાઇ એકબીજાને જોવા લાગ્યા. ત્યારે યુધિષ્ઠિરે પોતાના ભાઈઓનો મનનો ભાવ જાણીને મહર્ષિ વ્યાસના શબ્દોનું સ્મરણ કરીને નિશ્ચયપૂર્વક કહ્યું કે, ' દ્રૌપદી અમારા બધા ભાઇઓની પત્ની થશે.'

ભગવાન વેદવ્યાસે દ્રુપદ સાથે યુધિષ્ઠિર પાસે આવીને કહ્યું, 'આજે જ લગ્ન માટે શુભ દિવસ

અને શુભ મુહૂર્ત છે. આજે ચંદ્રમા પુષ્યનક્ષત્ર પર છે. તેથી આજે તમે દ્રૌપદીનું પાણિગ્ર'ણ કરો.' આજે લગ્નકાર્ય સંપન્ન થશે, આવો નિર્ણય થતાં જ દ્રુપદ અને ધૃષ્ટદ્યુમ્ન વગેરે લગ્ન માટે જરૂરી સામગ્રી એકત્ર કરવાનો પ્રબંધ કર્યો. સ્નાનાદિ અને સ્વસ્તિવાચન પછી પાંચે પાંડવો પણ સુંદર વસ્ત્રાલંકારથી સજી–ધજીને મહારાજ દ્રુપદના આંગણામાં આવ્યાં. વેદોમાં અગ્નિ પ્રજવલિત કરવામાં આવ્યો. યુધિષ્ઠિરે અગ્નિની સાક્ષીએ વિધિપૂર્વક દ્રૌપદીનું પાણિગ્રહણ કર્યું, હવન થયો અને અંતમાં મંગળફેરા ફરીને લગ્નકાર્ય સમાપ્ત કરવામાં આવ્યુ. આ જ પ્રમાણે બાકીના ભાઇઓએ પણ ક્રમશઃ એક–એક દિવસે દ્રૌપદીનું પાણિગ્રહણ કર્યું. આ પ્રસંગે સહુથી વિલક્ષણ વાત એ થઇ કે દેવર્ષિ નારદના કથનાસુાર દ્રૌપદી ફરી–ફરીને દરરોજ કન્યાભાવને પ્રાપ્ત થઇ જતી હતી. લગ્ન પછી રાજા દ્રુપદે પોતાની પુત્રીને સુખેથી વિદાય કરી અને અઢળક ધન સંપત્તિ પોતાની પુત્રીને આપી. કુંતા માતાએ પણ શીલવતી પુત્રવધૂ દ્રૌપદીને આશીર્વાદ આપતાં કહ્યુ– તમે આયુષ્મતિ, સૌભાગ્યવતી અને પતિવ્રતા થઇને સુખ ભોગવો, તમે તમરા સમ્રાટ પતિઓની પત્ની બનો. તમે સો વર્ષો સુધી સુખોપભોગ પ્રાપ્ત કરો.[૬]

આ મહાભારતના મુખ્ય પરિણય પ્રસંગો હતા. આ મુખ્ય પરિણય પ્રસંગોની અસર આખા મહાભારત મહાકાવ્ય ઉપર થઇ છે. પ્રાચીન કાળમાં પરિણયની વિવિધ પદ્ધતિઓ હતી. તે પદ્ધતિઓ પ્રમાણે મહાભારતના પરિણયો થયા છે. વિવાહના આઠ પ્રકારોમાં આનો સમાવેશ થાય છે. ધર્મને ટકાવવા માટે તથા તેના વંશને આગળ વધારવા માટે આવા પરિણયો કરવામાં આવ્યા હતા. એક રાજાના અસંખ્ય વિવાહ પણ જોવા મળે છે તથા એક સ્ત્રી સાથે પાંચ પુરુષો લગ્ન સંબંધથી જોડાય છે તેનું પણ જોવા મળે છે. આ બધા જ પરિણયો શાસ્ત્ર માન્ય હતા અને ધાર્મિક દષ્ટિકોણને આધારે થયેલા હતા.

મહાભારતના મુખ્ય પરિણય પ્રસંગોમાં શાંતનુથી માંડીને પાંડવો સુધીના વિવાહના પ્રસંગો આવે છે. આના ઉપરથી એ સાબિત થાય છે કે મનુષ્યના જીવનમાં પરિણયનું ખૂબ જ મહત્ય છે. પરિણય ફકતત સુખોપભોગ માટે નહિ જીવનના ખાસ ઉદેશ્ય માટે કરવામાં આવે છે. પરિણય સંબંધ જીવનનું અભિન્ન અંગ છે. પરિણય વગર પુરુષ અધુરો છે તેના જીવનમાં સુખ, શાંતિ અને સમૃદ્ધિ લાવવા માટે તેના વિવાહ કરવા આવશ્યક છે. મુખ્ય પરિણય પ્રસંગો પછી હવે આનુષંગિક પરિણય પ્રસંગો જોવાના છે.

## ૨.	આનુષંગિક પરિણય પ્રસંગો :

મહાભારત મહાકાવ્ય મહર્ષિ વ્યાસનું સર્વોત્તમ કાવ્ય છે. મહર્ષિ વ્યાસે સમાજને ઉપદેશ આપવા માટે વિશાળ કથાનું સર્જન કર્યું છે. મહાભારત મહાકાવ્યમાં અસંખ્ય પરિણય પ્રસંગો આવે છે. પરિણય માનવના જીવનને ટોચ સુધી પહોંચાડે છે. બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ અને સંન્યાસ આ ચાર આશ્રમ શાસ્ત્રોમાં બતાવ્યા છે. ગૃહસ્થાશ્રમ જ આ બધાનું મૂળ છે. આ સંસારમાં જે કોઇ વિધિ–નિષેધરૂપી શાસ્ત્ર છે, તેમાં પારંગત વિદ્વાન થવું ગૃહસ્થ દ્વિજો માટે ઉત્તમ છે. એનાથી સનાતન યશની પ્રાપ્તિ થઇને વેદોકતત વિધિથી અધ્યયન કરતા રહીને બ્રહ્મચર્યવ્રતનું પાલન કરવું જોઇએ.

બ્રહ્મચર્યવ્રતનું પાલન કર્યા પછી સમાવર્તન સંસ્કાર કરીને ઉત્તમ ગુણોથી યુકતત કુળમાં વિવાહ કરવોજોઇએ. પોતાની જ પત્ની પર પ્રેમ રાખવોપ સદા સત્પુરુષોના આચરણનું પાલન કરવું અને જિતે િ ન્ય થવું ગહસ્થ માટે પરમ આવશ્યક છે. તેણે શ્ર ાપૂર્વક પંચમહાયજ્ઞો ારા દેવતા વગેરેનું યજન કરવું જોઇએ. તે ગૃહસ્થ દેવતા અને અતિથિને ભોજન કરાવ્યા બાદ બચેલા અન્નનો સ્વયં આહાર કરે. પોતાની શકિતત અનુસાર પ્રસન્નતાપૂર્વક યજ્ઞ કરે અને દાન આપે. આ જ સત્પુરુષોનો વર્તાવ છે. સદા યજ્ઞોપવીત ધારણ કરે, સ્વસ્છ વસ્ત્રો પહેરે, ઉત્તમ વ્રતનું પાલન કરે, બધાની સાથે મિત્રતાનો વર્તા કરે. ઇન્દ્રિયસંયમી, મિત્રભાવથી યુકત, ક્ષમાવાન, બધાં પ્રાણીઓ પ્રત્યે સમાન ભાવ રાખનાર, મનનશીલ, જવા ઉત્તમ વ્રતનું પાલન કરનાર અને પવિત્રતાથી રહેનાર ગૃહસ્થ બ્રાહ્મણ સગા સાવધાન રહીને પોતાની શકિત અનુસાર ઉપરના નિયમોનું પાલન કરે તો તે સ્વર્ગ લોકને જીતી લે છે.

મહાભારતના આનુષંગિક પરિણય પ્રસંગો પણ ઘણાં છે. તેમાં દુષ્યન્ત–શકુન્તલાના વિવાહથી લઈને છેક અભિમન્યુ–ઉત્તરાના વિવાહ સુધીના છે. આ આનુષંગિક પરિણય પ્રસંગો પણ મહાભારતની કથાને આગળ વધારે છે તથા તેને રસદાર બનાવે છે આ પણપરિણય પ્રસંગો પણ ખૂબ જ મહત્વના છે. આ પ્રસંગો કથાને એક નવો મોડ આપે છે તથા મુખ્ય કથાને સમજવાની દષ્ટિ પૂરી પાડે છે. મુખ્ય કથા આગળ વધે તેની સાથે સાથે આવી પેટા કથાઓ પણ આગળ વધતી રહે છે. આ આનુષંગિક પરિણય પ્રસંગોના ઉલ્લેખ કરવો એટલો જ જરૂરી છે. આવા પ્રસંગો મુખ્ય કથાના આધાર રૂપ હોય છે.

### ૧. દુષ્યંત–શકુન્તાલાના વિવાહ :–

દુષ્યંત પુરુવંશનો ખૂબ જ પ્રતાપી રાજા હતો. તેઓ પોતાની પ્રજાનું પાલન ખૂબ જ યોગ્યતાપૂર્વક કરતા હતા. તેમના રાજ માઁ વર્ણશંકર પ્રજા ન હતી. સમુદ્રથી ઘેરાયેલા ઘણા પ્રદેશો અને મ્લેચ્છાનો દેશ પણ તેમને આધીન હતા. પાપ તો કોઇ કરતું જ ન હતું. ખેતી અને ખનીજ પદાર્થો માટે પ્રયત્ન કરજો પડતો ન હતો. બધા ધર્મપ્રેમી હતા, તેથી ધર્મ અને અર્થ બંનેય આપમેળે પ્રાપ્ત હતા. ચોરી, ભૂખ અને રોગોનો ઉપદ્રવ બિલકુલ ન હતો. બધા લોકો પોતપોતાના ધર્મમાં સંતુષ્ટ હતા અને રાજ ાશ્રય નિર્ભય

રહીને નિષ્કામ ધર્મનું પાલન કરતા હતા. મયસર વરસાદ થતો હતો, અન્ન વિપુલમાત્રામાં ઉત્પન્ન થતું હતું અને પૃથ્વી બધાં પ્રકારનો રત્નો પશુધનથી પરિપૂર્ણ હતી.

રાજા દુષ્યન્તના રાજ માં બ્રાહ્મણો પોતાના કર્મમાં નિષ્ઠાવાન હતા. તેઓ છળ–કપટનો સહારો લેતા નહિ. દુષ્યન્ત સ્વયં એક બળવાન યુવાન હતો. તેની શકિતત એવી અદ્‌ભુત હતી કે તે વન–ઉપવનો સહિત મંદરાચલને ઉખાડીને ંચકી શકતો હો. તે ગદાયુદ્ધમાં પ્રક્ષેપ, વિક્ષેપ, પરિક્ષેપ અને અભિક્ષેપ ચારે પ્રકારોનો અને શસ્ત્ર–વિદ્યામાં બહુ જ નિપુણ હતો. ઘોડા અને હાથીની સવારીમાં તે ખૂબ જ કુશળ હતા. તે વિષ્ણુ જેવા બળવાન, સૂર્ય જેવા તેજસ્વી, સમુદ્ર જેવો ક્ષોભ ન પામે તેવો, તથા પૃથ્વી જેવો ક્ષમાવાન્ હતો. નાગરિકો અને પોતાના દેશવાસીઓ તેનો આદર કરતા અને તે ધર્મ–બુદ્ધિથી બધાનું શાસન કરતો.

રાજા ઉપવનમાં ફરવાના પણ ખૂબ જ શોખીન હતા. એક દિવસ મહાબાહુ રાજા દુષ્યંત પોતાની ચતુરંગિણી સેના સાથે કોઇ દુર્ગમ વનમાં જઇ ચડ ો. વમને ઓળંગી આગળ જતાં તેણે એક મનોહર આશ્રમયુકતત ઉપવન જોયું. આ ઉપવન અત્યંત સુંદર હતું. ત્યાંના વૃક્ષો ખીલેલાં પુષ્પોથી ભરપૂર હતાં. તે ઉપવનની જમીન લીલીછમ હતી. ક ંક કોયલનું ‘કુહૂ–કુહૂ તો ક ંક ભમરાઓનું ગુંજન. રાજા દુષ્યંત વનની ંદરતા જોઇને ખૂબ જ આનંદ પામ્યો. ત્યાં તેની દષ્ટિ તે મનોરમ્ય આશ્રમ પર પડી. તે આશ્રમમાં અનેક જગ્યાએ અગ્નિહોત્રની જવાળાઓ પ્રજવલિત થઇ રહી હતી. વાલખિલ્ય વગેરે ઋષિઓ, યજ્ઞશાળા, પુષ્પો અને જળાશયને કારણે તે આશ્રમની શોભા અદ્‌ભુત હતી. તે આશ્રમની બાજુમાં જ માલિની નદી વહી રહી હતી, જેનું જળ અત્યંત સ્વાદિષ્ટ હતું.

અરણ્યમાં સ્થિત આશ્રમમાં ઋષિ–મુનિઓ આસન પર સ્થિત થઇ ધ્યાનમાં મગ્ન હતા. બ્રાહ્મણો દેવતાઓની પૂજા કરી રહ્યા હતા. રાજાને એવું લાગ્યુ કે જાણે હું બ્રહ્મલોકમાં છું. દુષ્યંતના મન અને નેત્રો વનની છટા જોઇને તૃપ્ત થતાં હતા. આ પ્રમાણે રાજા દુષ્યંતે બધું જોતા–સાંભળતાં કાશ્યપગોત્રીય કણ્વ ઋષિના એકાંત અને મનોહર આશ્રમમાં મંત્રી અને પુરોહિતો સાથે પ્રવેશ કર્યો. રાજા દુષ્યંતે મંત્રી અને પુરોહિતોને આશ્રમના દ્વાર પર જ રોકી દીધા અને અંદર ગયો. ત્યાં તે વખતે કણ્ય ઋષિ હાજર ન હતા. રાજાએ આશ્રમને સૂનો જોઇને ંચા અવાજે કહ્યું, ‘અહિં કોણ છે?’દુષ્યંતનો અવાજ સાંભળીને એક લક્ષ્મી જેવી સુંદર કન્યા તપસ્વિનીના વેશમાં આશ્રમમાંથી નીકળી. તેણે રાજા દુષ્યંતને જોઇને આદરપૂર્વ કહ્યું, ‘સ્વાગત છે.’ પછી તેણે આસન, પાદ્ય અને અર્ધ્ય દ્વારા રાજાનો આતિથ્ય સત્કાર કરીને સ્વાસ્થ્ય અને કુશળતા પૂછી. સ્વાગત–સત્કાર પછી તે તપસ્વિની કન્યાએ સહેજ સ્મિત સાથે પૂછયું કે ‘હું આપની શી સેવા કરું?’ રાજા દુષ્યંતે સર્વાંગસુંદર અને મધુરભાષી કન્યા સામું જોઇને કહ્યું – ‘હું પરમ ભાગ્યશાળી મહર્ષિ કણ્વનાં દર્શન કરવા માટે આવ્યો છું.

રાજાની વાત સાંભળીને તપસ્વિની શકુંતલાએ કહ્યું, 'મારા પૂજ પિતાજી ફળ–ફૂલ લાવવા માટે આશ્રમની બહાર ગયા છે. તમે ઘડી–બે–ઘડી તેમની પ્રતિક્ષા કરો, ત્યાં સુધીમાં તેઓ આવી પહોંચશે. ત્યારે શકુંતલાની ભરજુવાની અને અનુપમ સૌંદર્ય જોઈને દુષ્યંતે પૂછ ું, સુંદરી તમે કોણ છો? તમારા પિતા કોણ છે? અને શા માટે અહીં આવી છો? તમે મારું મન મોહી લીધુ છે. હુ તમારા વિશે જાણવા ઈચ્છું છું.' ત્યારે શકુંતલાએ ખૂબ મધુર વાણીમાં કહ્યું, 'હું મહર્ષિ કણ્વની પુત્રી છું.' રાજાએ કહ્યું, 'કલ્યાણી મહર્ષિ કણ્વ તો અખંડ બ્રહ્મચારી છે. ધર્મ પોતાના સ્થાનેથી વિચલિત થઇ શકે છે પરંતુ તેઓ નહિ. આવી સ્થિતિમાં તમે તેમની પુત્રી કઈ રીતે હોઇ શકો?' શકુંતલાએ કહ્યું, 'રાજન! એક ઋષિના પૂછવાથી મારા પિતા કણ્વે મારા જન્મની વાત કહી હતી. તે મેં સાંભળી છે, તે આ પ્રમાણે છે – જે સમયે ઈન્દ્રે તેમના તપમાં વિઘ્ન નાખવા મેનકા નામની અપ્સરા મોકલી હતી તેના સંયોગથી મારો જન્મ થયો.

વિ ામિત્ર અને માતા મેનકા મને વનમાં છોડીને ચાલી ગયા, ત્યારે શકુંત નામના પક્ષીઓએ જંગલી પ્રાણીઓથી મારી રક્ષા કરી હતી; તેથી મારું નામ શકુંતલા પડ્ું. મહર્ષિ કણ્વ ત્યાંથી લાવીને મારું પાલન–પોષણ કર્યું. શરીરનો જનક, પ્રાણીનો રક્ષક અને અન્નદાતા આ ત્રણેય પિતા કહેવાય છે. આ પ્રમાણે હું મહર્ષિ કણ્વની પુત્રી છું.' ત્યારે રાજા દુષ્યંત કહે છે તમે બ્રાહ્મણકન્યા નહિ, રાજકન્યા છો. એટલા માટે તમે મારી પત્ની થઇ જાઓ. સુંદરી! તમે ગાંધર્વ–વિધિથી મારી સાથે લગ્ન કરી લો. રાજાઓ માટે ગાંધર્વ વિવાહ સર્વશ્રેષ્ઠ માનવામાં આવ્યો છે.' શકુંતલાએ કહ્યું, 'મારા પિતાજી અત્યારે અહીં નથી. તમે થોડીવાર પ્રતિક્ષા કરો. તેઓ આવીને મને તમારી સેવામાં સોંપી દેશે.'

રાજા દુષ્યંતે શકુંતલાને કહ્યું – 'હું તમને ચાહું છું અને એવું પણ ઈચ્છું છું કે તમે સ્વયં મારું વરણ કરી લો. મનુષ્ય સ્વયં પોતાનો હિતૈષી અને જવાબદાર છે. તમે ધર્મ અનુસાર સ્વયં તમારું મને દાન કરો.' શકુંતલાએ કહ્યું, 'રાજન્! જો તમે આને જ ધર્મનો માર્ગ સમજતા હો, અને મને સ્વયં પોતાનું દાન કરવાનો અધિકાર છે તો તમે મારી શરત સાંભળી લો. હું સ્પષ્ટ કહું છું કે તમે એવી પ્રતિક્ષા કરો કે 'મારા પછી તારો પુત્ર જ રાજા થશે અને મારા જીવનકાળમાં જ તે યુવરાજ બની જશે.' તો તમારી સ્વીકાર કરી શકું છું.' દુષ્યંતે કંઇપણ વિચાર્યા વિના જ પ્રતિજ્ઞા કરી લીધી અને ગાંધર્વ વિધિથી શકુંતલાનું પાણિગ્રહણ કરી લીધું.૭

રાજા દુષ્યંતે શકુન્તલાને એવો વિ ાસ અપાવ્યો કે 'હું તને લઇ જવા માટેચતુરંગિણી સેના મોકલીશ અને શીઘ્રાતિશીલ તને આપણા મહેલમાં લઇ જઇશ.' આ પ્રમાણે કહી – સાંભળીને દુષ્યંત પોતાની રાજધાની જવા માટે રવાના થયો. તેના મનમાં મોટી ચિંતા એ હતી કે મહર્ષિ કણ્વ આ બધું સાંભળીને ન જાણે શું કરશે. થોડી જ વારમાં કણ્વ ઋષિ આશ્રમ પર આવ્યા. પરંતુ શકુંતલા લજ્જાવશ તેમની પાસે ન ગઇ. મહર્ષિ કર્ણ્વ તો ત્રિકાળર્શી હતા. તેમણે બધું જ જાણી લીધું અને ખૂબ જ પ્રસન્ન

થયા. ત્યાર પછી તેમણે શકુંતલાને કહ્યું, 'બેટી! તેં મને પૂછ ા વિના જે કામ કર્યું છે તે ધર્મને વિરૂદ્ધ નથી. ક્ષત્રિયો માટે ગાધર્વ–વિવાહ શાસ્ત્રસંમત છે. રાજા દુષ્યંત એક ધર્માત્મા, ઉદાર અને શ્રેષ્ઠ પુરુષ છે. તેના સંયોગથી મહાન બળવાન પુત્ર થશે અને તે સમસ્ત પૃથ્વીનો રાજા થશે.

રાજા દુષ્યંત અને શકુંતલાના ગાંધર્વ વિવાહ થાય છે. કણ્વ મુનિ પણ તે સ્વીકાર કરે છે તથા શકુંતલા અને દુષ્યંતને આશીર્વાદ આપે છે. કર્ણ્વમૂનિ દુષ્યંતને આશિર્વાદ આપે કે તેનો પુત્ર ખૂબ જ પ્રતાપી થશે. જ ારે તે શત્રુઓ પર ચડાઇ કરશે ત્યારે તેનો રથ કયાંય પણ રોકાશે નહિ.' આમ, દુષ્યંત અને શકુંતલાનો પુત્ર ભરત મહાન પરાક્રમી અને બળવાન રાજા થાય છે. તેના નામ ઉપરથી આપણા દેશનું નામ ભારત પડે છે. તે બાળપણમાં જ ખૂબ જ બળવાન અને બહાદૂર હોય છે. શકુંતલાના કહેવાથી મહર્ષિ કણ્વે દુષ્યંતને વરદાન આપ્યું કે તેની બુદ્ધિ ધર્મમાં દઢ રહે અને રાજય અવિચળ રહે.[૮]

**૨. ભીમસેન અને હિડિમ્બાના લગ્ન :**

મહાભારતના આનુષંગિક પરિણય–પસંગોમાં ભીમસેન અને હિડિમ્બાના લગ્નનો પણ સમાવેશ થાય છે. પાંડવો જયારે વનમાં ભટકી રહ્યા હતા ત્યારે તેમનો ભેટો એક હિડિમ્બાસુર નામના રાક્ષસ સાથે થાય છે. તે ભારે ક્રૂર, પરાક્રમી અને માંસભક્ષી હતો. તેના શરીરનો રંગ એકદમ કાળો, આંખો પીળી અને આકૃતિ અત્યંત ભયાનક હતી. દાઢી–મૂછ અને માથાના વાળ લાલ–લાલ હતા હતા તથા મોટી–મોટી દાઢીઓને કારણે તેનું મુખ અત્યંત ભીષણ હતું. તે સમયે તેને ભૂખ લાગી હતી. મનુષ્યની તેમને ગંધ આવવાથી તેણે પાંડવો તરફ જોયું અને પછી પોતાની બહેન હિડિમ્બાને કહ્યું, 'બહેન! આજે ઘણા દિવસ પછી મને મનુષ્યનું માંસ મળવાનો સંયોગ દેખાય છે. જીભ પર વારંવાર પાણી આવી રહ્યું છે. આજે હું મારી દાઢો આ લોકોના શરીરમાં ખોસી દઇ અને તાજું તાજું ગરમ લોહી પી જઇશ. તું આ મનુષ્યોને મારીને મારી પાસે લઇ આવ.

હિડિમ્બા પોતાના ભાઇની આજ્ઞાથી પાંડવોની પાસે પહોંચી ગઇ. તેણે જોયું કે કુંતી, યુધિષ્ઠિર વગેરે તો સૂઇ રહ્યાં છે, પરંતુ મહાબલી ભીમસેન જાગે છે. ભીમસેનના વિશાળ શરીર અને પરમ સુંદર રૂપને જોઇને હિડિમ્બાનું મન ફરી ગયુંઅને તે વિચાર કરવા લાગી– 'આમનો વર્ણ શ્યામ છે, ભુજાઓ લાંબી છે, સિંહ જેવા ખભા છે, શંખ જેવી ગરદન અને કમળ જેવા અતિકોમળ નેત્ર છે. ખરેખર આ મારા પતિ થવાને યોગય છે. હું મારા ભાઇની વાત નહિ માનું. કેમકે ભાઇના પ્રેમથી પતિપ્રેમ ચડિયાતો છે. જો આમને મારીને ખાઇ જઇએ તો થોડીવાર માટે અમે બંને તૃપ્ત થઇ શકીએ, પરંતુ આમને જીવતા રાખીને તો હું ઘણાં વર્ષો સુધી ભોગવી શકું છું.'

હિડિમ્બાએ આવું વિચારીને સામાન્ય સ્ત્રીનું રૂપ લીધું અને ધીરે–ધીરે ભીમસેન પાસે ગઇ. પછી દિવ્ય આભૂષણો અને વસ્ત્રોથી સજ્જ સુંદરી હિડિમ્બાએ સહેજ સંકોચ સાથે હસતાં હસતાં પૂછયું, '

પુરુષ–શિરોમણી! તમે કોણ છો? આ વૃદ્ધ સ્ત્રી કોણ છે? આ લોકો પોતાના ઘરની જેમ આ ઘોર વનમાં નિઃશંક થઇને સૂઇ રહ્યા છે. આમને ખબર નથી કે આ વનમાં મોટા ભયંકર રાક્ષસો રહે છે અને હિડિમ્બાસુર તો નજીક જ છે. હું તેની જ બહેન છું. તમારા લોકોનું માંસ ખાવાની ઇચ્છાથી જ તેણે મને અહીં મોકલી છે. પરંતુ હું તમારા દેવતાઓ જેવા સૌંદર્યને જોઇને મોહિત થઇ ગઇ છું. હું તમને સોગંધપૂર્વક સત્ય કહું છું કે તમારા સિવાય બીજા કોઇને હવે હું મારા પતિ બનાવી શકું એમ નથી.

હિડિમ્બા આગળ પણ જણાવે છે કે તમે ધર્મજ્ઞ છો. જે યોગ્ય લાગે તે કરો હું તમને પ્રેમ કરું છું. તમે પણ મને પ્રેમ કરો. હું આ નરભક્ષી રાક્ષસથી તમારી રક્ષા કરીશ અને આપણે બંને સુખપૂર્વક આ પર્વતોની ગુફામાં રહીશું. હું સ્વચ્છાથી આકાશમાં ડી શકું છું. તમે મારી સાથે અપાર આનંદનો ઉપભોગ કરો.' ભીમસેને કહ્યું, 'અરે રાક્ષસી! મારી મા, મોટા ભાઇ અને નાના ભાઇ સુખેથી સૂઇ રહ્યા છે. હું આમને છોડીને તારી સાથે કામક્રીડા કરવા ચાલી નીકળું અને આ બધાંને રાક્ષસનું ભોજન બનાવી દઉં, એવું તો ભલાપ કઇ રીતે બની શકે?' હિડિમ્બાએ કહ્યું, 'તમે જે રીતે પ્રસન્ન થાઓ, હું તે પ્રમાણે કરીશ. તમે આમને જગાડો, હું આમને રાક્ષસથી બચાવી લઇશ.' ભીમસેને કહ્યું, 'વાહ વાહ! આ તો કહેવું પડે! હું માર સુખેથી સૂતેલા ભાઇઓ અને માને દુષ્ટ રાક્ષસના ભયથી જગાડી દઉં? જગતનો કોઇપણ રાક્ષસ મારી સામે ભો રહી શકતો નથી. સુંદરી ! તું જાય કે રહે, મને તેની પરવા નથી.'

રાક્ષસરાજ હિડિમ્બ વનમાં વિચાર કરવા લાગ્યો કે મારી બહેનને ગયે ઘણો સમય થઇ ગયો તેથી તે વૃક્ષ પરથી ઉતરીને પાંડવો તરફ ચાલવા લાગ્યો. તે ભયંકર રાક્ષસને આવતો જોઇને હિડિમ્બાએ ભીમસેનને કહ્યું, 'જુઓ, જુઓ, પેલો નરભક્ષી રાક્ષસ ક્રોધપ્રર્વક અહીં આવી રહ્યો છે. તમે મારી વાત માનો. હું ઇચ્છાનુસાર ચાલી શકું છું મારામાં રાક્ષસબળ પણ છે. હું તમને અને આ બધાને લઇને આકાશ માર્ગે ડી જઇશે.' ભીમસેન બોલ્યા, 'સુંદરી! તું ડરીશ નહિ. મારી હાજરીમાં કોઇપણ રાક્ષસ આમનો વાળ પણ વાંકો કરી શકશે નહિ. હું તારી સામે જ તેને મારી નાંખીશ. તું મનુષ્ય સમજીને મારો તિરસ્કાર ન કર.' આ પ્રકારની વાતચીત થઇ રહી હતી કે તે સાંભળીને હિડિમ્બ ત્યાં આવી પહોંચ્યો. તેણે જોયું કે મારી બહેન તો મનુષ્યના જેવું સુંદર રૂપ ધારણ કરીને ખૂબ સજીને ભીમસેનને પતિ બનાવવા માંગે છે.

રાક્ષસરાજ હિડિમ્બ આ જોઇને ક્રોધથી રાતોપીળો થઇ ગયો અને મોટી–મોટી આંખો કાઢીને કહેવા લાગ્યો. 'અરે હિડિમ્બા! હું આમનું માંસ ખાવા ચાહું છું અને તું એમાં વિઘ્ન નાંખી રહી છે? ધિક્કાર છે! તે આપણાં કુળમાં કલંક લગાવી દીધું. જેમના ભરોસે તે આવી હિંમત કરી છે, જો હું તારા સહિત આ બધાને હમણાં જ મારી નાંખી છું' આમ કહીને હિડિમ્બ દાંત પીસતો પોતાની બહેન અને પાંડવો તરફ ઝપટયો. ભીમસેને કહ્યું, 'ખબરદાર! મૂર્ખ! તું આ સૂઇ રહેલા ભાઇઓને શા માટે જગાડવા ચાહે છે? તારી બહેને પણ એવો કયો અપરાધ કરી નાંખ્યો છે? હિંમત હોય તો આવી જા મારી સામે. તારા માટે હું એકલો જ પર્યાપ્ત છું, તું સ્ત્રી પર હાથ ન ઉઠાવ.'

ભીમસેને બળપૂર્વક હસતાં–હસતાં તેનો હાથ પકડી લીધો અને તેને તેઓ ઘણે દૂર ઘસડીને લઇ ગયા. આ પ્રમાણે લીધો અને તેને તેઓ ઘણે દૂર ઘસડીને લઇ ગયા. આ પ્રમાણે એકબીજાને પકડતા–આથડતા થોડે દૂર ચાલ્યા ગયા અને વૃક્ષો ઉખાડી–ઉખાડીને ગર્જના કરતા એકબીજા સાથે લડવા લાગ્યા. એમની ગર્જનાથી કુંતી અને પાંડવોની નિંદ્રા ડી ગઇ. તેમણે આંખ ખોલતાં જ જોયું કે સામે પરમ સુંદરી હિડિમ્બા ભી છે. તેનાં રૂપ–સૌંદર્યથી વિસ્મિત થઇને કુંતીએ ધીરેથી કહ્યું, 'સુંદરી તમે કોણ છો? અહીં શા માટે અને કતયાંથી આવી છો? હિડિમ્બાએ કહ્યું, આ જે ઘોર અંધકારમય જંગલ છે તે જ મારું અને મારા ભાઇ હિડિમ્બનું ઘર છે. મારા ભાઈએ તમને મારી નાખવા માટે મને મોકલી હતી. અહીં આવીને મેં તમારા પરમ સુંદર પુત્રને જોયા અને હું મોહિતથઇ ગઇ છું. મેં મનથી જ તેમને પતિ માની લીધા છે અને તેમને અહીંથી લઇ જવાની ચેષ્ટા કરી, પરંતુ તેઓ વિચલિત ન થાય.

મને આવતા મોડું થયું તેથી મારો ભાઇ અહીં આવ્યો અને પછી આ બન્ને વચ્ચે યુદ્ધ ચાલુ થયું. હિડિમ્બાની વાત સાંભળીને ચારે ભાઇઓ ભા થયા અને જોયુ કે તે બંને એકબીજાને પરાસ્ત કરવાની અભિલાષાથી લડી રહ્યા છે. ભીમસેન સહેજ દબાણમાં આવેલા જોઈને અર્જુને કહ્યું, 'ભાઇ! કોઇ ડર નથી. નકુળ અને સહદેવ માની રક્ષા કરે છે. હું હમણાં જ આ રાક્ષસને મારી નાખું છું. ત્યારે ભીમસેન બોલ્યા, 'ભાઇ અર્જુન ! ચૂપચાપ ભા રહીને જોયા કરો, ગભરાશો નહિ. મારી ભુજાઓના પાશમાં આવ્યા પછી એ બચી શકશે નહિ.' હવે ભીમસેન ઉશ્કેરાઇને આંધીની માફક ઝપટીને તેને ઉઠાવી લીધો અને અંતરિક્ષમાં લઇ જઇ સો વાર ઘુમાવ્યો. ભીમસેન કહ્યું, 'અરે રાક્ષસ! તું મફતનું માંસ ખાઇને ખોટે ખોટો આટલો તગડો થઇ ગયો છે. તારું બળ પણ વ્યર્થ અને તારું વિચરવું પણ વ્યર્થ. જ ારે તારું જીવન જ વ્યર્થ છે, ત્યારે મૃત્યુ પણ વ્યર્થ જ થવું જોઇએ. આ પ્રમાણે કહીને ભીમસેને તેને જમીન પર પછાડ ોઅને તેનું મૃત્યુ થઇ ગયું.

અર્જુને ભીમસેનને અભિનંદન આપતાં કહ્યું, 'ભાઇ! અહીંથી વારણાવત નગર કાંઇ બહુ દૂર નથી. ચાલો, અહીંથી જલદી નીકળી જઇએ. યાંક દુર્યોધનને આપણો પત્તો ન મળી જાય. ત્યાર પછી માતાની સાથે બધા ભાઇઓ ત્યાંથી ચાલવા લાગ્યા. હિડિમ્બા રાક્ષસી પણ તેમની પાછળ–પાછળ ચાલી રહી હતી. રાક્ષસીની પાછળ આવતી જોઇને ભીમસેને કહ્યું, 'હિડિમ્બા! મને ખબર છે કે રાક્ષસો મોહિની માયાને આધારે પહેલાં વેરનો બદલો લે છે. તેથી જા, તું પણ તારા ભાઇનો રસ્તો માપ.' યુધિષ્ઠિર કહ્યું, ક્રોધવશ થઇને પણ સ્ત્રી પર હાથ ઉઠાવવો ન જોઇએ. આપણાં શરીરની રક્ષાથી વધીને પણ ધર્મની રક્ષા છે. તમે ધર્મની રક્ષા કરો. જ ારે આના ભાઇને તમે મારી નાખ્યો તો આ આપણું શું બગાડી શકશે?'

આ સાંભળીને હિડિમ્બાએ કુંતી અને સૌથી મોટા ભાઇ યુધિષ્ઠિરને પ્રણામ કર્યા અને પછી હાથ જોડીને કુંતીને કહ્યું, 'આર્યે તમે જાણો છો કે સ્ત્રીઓને કામદેવની પીડા કેટલી દુઃસહ હોય છે. હું તમારા પુત્રના લીધે ઘણીવારથી વ્યથિત થઇ રહી છું. હવે મને સુખ મળવું જોઇએ. મારા સગાં–સંબંધી, કુટુંબી

અને ધર્મને તિલાંજલી આપીને તમારા પુત્રની પતિ તરીકે વરણી કરી છે. હું તમારી અને તમારા પુત્રની સ્વીકૃતિને યોગ્ય છું. જો તમે મારો સ્વીકાર નહિ કરો તો હું મારા પ્રાણનો ત્યાગ કરી દઇશ. આ વાત હું સાચે–સાચી સોગંદપૂર્વક કરું છું. તમે મારા પર કૃપા કરો. હું તમારા પુત્રને લઇને જઇશ અને થોડા દિવસોમાં પાછી આવીશે. તમે મારો વિ ાસ કરો.

હિડિમ્બા કુંતા માતાને વિનવણી કરે છે. તે કહે છે જયારે તમે ને યાદ કરશો ત્યારે હું તમારી પાસે હાજર થઇ જઇશ. તમે જયાં કહેશો ત્યાં તમને પહોંચાડી દઇશ. મોટામાં મોટી આપત્તિ અને મુશ્કેલીના સમયે હું તમને બચાવીશ. તમે લોકો કયાંય જલદી પહોંચવા ઇચ્છશો તો હું મારી પીઠ પર ઉઠાવીને તરત જ ત્યાં પહોંચાડી દઇશ. જે આપત્તિકાળમાં પણ પોતાના ધર્મની રક્ષા કરે છે, તે શ્રેષ્ઠ ધર્માત્મા છે.' યુધિષ્ઠિરે કહ્યું, 'હિડિમ્બા! તમારું કહેવું બરાબર છે. સત્યનું કતયારેય ઉલ્લંઘન કરવું નહિ. દરરોજ સૂયાસ્ત થાય તે પૂર્વે તમે પવિત્ર થઇને ભીમસેનની સેવામાં રહી શકો છે. ભીમસેન આખો દિવસ તમારી સાથે રહેશે, સાયંકાળ થતાં જ તમે આમને મારી પાસે પહોંચાડી દેજો.'[૯]

હિડિમ્બા યુધિષ્ઠિરનસ શરતનો સ્વીકાર કરી લે છે. ભીમસેન પણ શરત કહે છે કે જયાં સુધી પુત્ર નહિ થાય ત્યાં સુધી હું તમારી સાથે જતો–આવતો રહીશ. પુત્ર થઇ ગયા પછી નહિ.' હિડિમ્બાએ આ શરત પણ સ્વીકારી લીધી. ત્યારપછી તે ભીમસેનને સાથે લઇને આકાશમાર્ગે ડી ગઇ. આમ ભીમ–હિડિમ્બાના વિવાહ સંસ્કાર થયા હતા. તેનાથી ઉત્પન્ન પુત્ર ખૂબ જ પરાક્રમી થયો તેનું ઘટોત્કચ હતુ. આમ પાંડવોના વનવાસ દરમ્યાન વિવાહ સંસ્કાર થયા હતા. આ દરેક વિવાહ સંસ્કારની પાછળ રહસ્ય પણ હતું. વિવાહ સંસ્કાર પ્રાચીન સમયમાં જેટલા ઉપયોગી હતા એટલા આજે અર્વાચીન સમયમાં પણ ઉપયોગી બન્યા છે.

### ૩. અર્જુનના ઉલૂપી અને ચિત્રાંગદા સાથે વિવાહ :–

પાંડવોના દ્રૌપદી સાથે વિવાહ થઇ ગયા બધા સુખેથી રહેવા લાગ્યા. દ્રૌપદી બધાને અનુકૂળ રહેતી હતી. પાંડવો તેને પ્રાપ્ત કરીને બહુ સુખી અને સંતુષ્ટ થયા. તેઓ ધર્માનુસાર પ્રજાનું પાલન કરતા હતા. એક દિવસની વાત છે. લુટારાઓએ કોઇ બ્રાહ્મણની ગાયો લૂંટી લીધી અને તેમને લઇને ભાગવા લાગ્યા. બ્રાહ્મણને બહુ ક્રોધ આવ્યો અને તે ઇન્દ્રપ્રસ્થમાં આવીને પાંડવોની સામે કરુણ અવાજે આક્રદ કરવા લાગ્યો. બ્રાહ્મણે કહ્યું કે, 'પાંડવો! તમારા રાજ માં દુરાત્મા અને લુટારા મારી ગાયો પડાવીને લઇ જઇ રહ્યા છે. તમે દોડીને ગાયોને છોડાવો. અર્જુને બ્રાહ્મણનું કરુણ આક્રંદ સાંભળીને તેને ધીરજ આપી. પરંતુ તેની સામે મુશ્કેલી એ હતી કે જે ઘરમાં રાજા યુધિષ્ઠિર દ્રૌપદીની સાથે બેઠા હતા, તે જ ઘરમાં તેમનાં અસ્ત્ર–શસ્ત્ર હતાં. નિયમ પ્રમાણે અર્જુન તે ઘરમાં જઇ શકતા ન હતા. અર્જુન બહુ જ દુવિધામાં પડી ગયા.

અર્જુને વિચાર્યુ કે બ્રાહ્મણનું ગોધન પાછું મેળવી તેનાં આંસુ લૂંછવા એ મારું કર્તવ્ય છે. જો હું આની ઉપેક્ષા કરી દઈશ તો રાજાને અધર્મ થશે. તથા અમારી નિંદા થશે અને પાપ પણ લાગશે. અર્જુન રાજા યુધિષ્ઠિરના ઘરમાં નિઃસંકોચ ચાલ્યા ગયા. રાજાની અનુભતિ લઈને ધનુષ્ય લીધું અને આવીને કહ્યું, જલદી ચાલો તે વધારે દૂર નથી ગયા. થોડી જ વારમાં અર્જુને બાણની ઝડી વરસાવીને ગાયોને છોડાવી. અર્જુનની પ્રશંસા થઇ. પછી તે અર્જુન યુધિષ્ઠિર પાસે જઇને કહ્યું, ‘ભાઇ! મેં તમારા એકાંતગૃહમાં જઇને પ્રતિજ્ઞા તોડી છે. મને બાર વર્ષ વનવાસ જવાની આજ્ઞા આપો.

અર્જુનની વનવાસ જવાની વાત સાંભળીને યુધિષ્ઠિર શોકમાં પડી ગયા. તેમણે કહ્યું, ‘અર્જુન તે કાંઇ ખરાબ કર્યું નથી, તમે તો બહુ સરસ કામ કર્યું છે.’ અર્જુને કહ્યું, ‘તમે જ કહ્ય હતું કે ધર્મપાલનમાં બહાનાબાજી ન ચાલે, હું મારી પ્રતિજ્ઞાને કતયારેય તોડીશ નહિ.’ અર્જને વનવાસની દીક્ષા લીધી અને બાર વર્ષ વનવાસ માટે ચાલી નીકળ્યા. તે ઘણી જગ્યાએ ફર્યા વન, સરોવર, નદી, પુણ્યતીર્થ, દેશ અને સમુદ્રનાં દર્શન કર્યા. એક દિવસ અર્જુન સ્નાન કરવા માટે ગંગાજીમાં  તર્યા. તેઓ બહાર નીકળવાના જ હતા કે નાગકન્યા ઉલૂપીએ કામાસકતત થઇને તેમને જળમાં ખેંચી લીધા અને પોતાના ભવન પર લઇ ગઇ.

અર્જુને ત્યાં જઇને જોયું કે ત્યાં યજ્ઞનો અગ્નિ પ્રજજવલિત થઇ રહ્યો છે. એમણે તેમાં હવન કર્યો અને અગ્નિદેવને પ્રસન્ન કરીને નાગકન્યા ઉલૂપીને પૂછયું, ‘સુંદરી! તમે કોણ છો? તમે આવું સાહસ કરીને મને કતયા દેશમાં લઇ આવી છો? ઉલૂપીએ કહ્યું, ‘હું ઐરાવન વંશના કૌરવ્ય નાગની કન્યા કન્યા ઉલૂપી છું. હું તમને પ્રેમ કરું છું. તમારા સિવાય મારી બીજી કોઇ ગતિ નથી. તમે મારી અભિલાષા પૂર્ણ કરો, મારો સ્વીકાર કરો.’ અર્જુને કહ્યું, ‘દેવી! મેં ધર્મરાજ યુધિષ્ઠિરની આજ્ઞાથી બાર વર્ષના બ્રહ્મચર્યનો નિયમ લીધો છે. હું સ્વતંત્ર નથી. હું તમને પ્રસન્ન કરવા ચાહું તો છું, પરંતુ હું અત્યાર સુધી કતયારેય અસત્ય બોલ્યો નથી. મારા ધર્મનો લોપ ન થાય એવું જ કામ તમારે કરવું જોઇએ.’ ઉલૂપીએ કહ્યું, ‘તમે લોકોએ દ્રૌપદી માટે જે મર્યાદા બનાવી હતી તે હું જાણું છું. પરંતુ તે દ્રૌપદી સાથે ધર્મ પાલન કરવા માટે જ છે, આ લોકમાં મારી સાથે ધર્મનો લોપ થતો નથી તથા આર્તની રક્ષા, પણ પરમ ધર્મ છે.

ઉલૂપી આગળ કહે છે કે જો તમે  મારી ઇચ્છા પૂરી નહિ કરો તો હું મરી જઇશ. મારા પ્રાણોની રક્ષા કરવાથી તમારો ધર્મ–લોપ નહિ થાય. તમે મને પ્રાણદાન આપીને ધર્મની પ્રાપ્તિ કરો. અર્જુને ઉલૂપીની પ્રાણરક્ષો ધર્મ સમજીને તેની ઇચ્છા પૂરી કરી અને રાતભર ત્યાં રહ્યા. બીજા દિવસે તેઓ ત્યાંથી નીકળીને હરદ્વાર આવી ગયા. નીકળતી વેળાએ નાગકન્યા ઉલૂપીએ અર્જુનને વરદાન આપ્યું કે ‘કોઇપણ જળચર પ્રાણીથી તમને ભય ન થાઓ. બધા જળચરો તમારા આધીન રહેશે.’ અર્જુને ત્યાંની બધી ઘટના બ્રાહ્મણને કહી. આમ અર્જુન ઉલૂપી સાથે પણ થોડો સમય રહે છે એટલા માટે ઉલૂપી પણ તેની પત્ની ગણાય છે.

અર્જુન ત્યારપછી મહેન્દ્રપર્વત પર થઇને સમુદ્રકિનારે ચાલતાં–ચાલતાં મણિપુર પહોંચ્યા. ત્યાંના રાજા ચિત્રવહન મોટા ધર્માત્મા હતા. તેમની સર્વાંગસુંદર કન્યાનું નામ ચિત્રાંગદા હતું. એક દિવસે અર્જુનની દષ્ટિ તેના પર પડી ગઇ. તેઓ સમજી ગયા કે આ અહીની રાજકુમારી છે, અને તેમણે રાજા ચિત્રવાહન પાસે જઇને કહ્યું, રાજન! હું કુલીન ક્ષત્રિય છું.' તમે મારી સાથે તમારી કન્યાનાં લગ્ન કરી દો.' ચિત્રવાહનના પૂછવાથી અર્જુને જણાવ્યું કે, હું પાંડુપુત્ર અર્જુન છું' ચિત્રવાહને કહ્યું કે, વીરશ્રેષ્ઠ! મારા પૂર્વજોમાં પ્રભંજન નામના એક રાજા થઇ ગયા. તેમણે સંતાન ન થવાથી ઉગ્ર તપસ્યા કરીને દેવાધિદેવ મહાદેવને પ્રસન્ન કર્યા. તેમણે વરદાન આપ્યું કે તમારા વંશમાં બધાને એક–એક સંતાન થતું રહેશે. ત્યારથી અમારા વંશમાં એ પ્રમાણે જ થતું આવ્યું છે. મારી આ એક જ કન્યા છે. આને હું પુત્ર જ સમજું છું. આને હું પુત્રિકાધર્મ પ્રમાણે લગ્ન કરીશ, જેથી આનો પુત્ર મારો દત્તક પુત્ર થઈ જાય તે મારો વશંપ્રવર્તક બને.

અર્જુને રાજાની શરત માની લીધી. અર્જુન તથા ચિત્રાંગદાના વિધિપૂર્વક લગ્ન થયાં. પુત્ર થયા પછી અર્જુન રાજાની અનુમતિ લઇને ફરીથી તીર્થયાત્રા માટે ચાલી નીકળ્યા. આમ અર્જુનના દ્રૌપદી ઉલૂપી ઉપરાંત ચિત્રાંગદા સાથે વિવાહ થાય છે. ભરતવંશના ઉત્કર્ષ માટે તથા સંસ્કૃતિના રક્ષણ માટે થઇને આ વિવાહસંસ્કાર જરૂરછ હતા. વીરશ્રેષ્ઠ અર્જુનના આટલા વિવાહ ફકતત ભોગ–વિલાસ માટે નહિં પરંતુ સમાજકાર્ય માટે તથા સંસ્કૃતિના વિસ્તાર માટે હતા.[૧૦]

**૪. નળ અને દમયંતીના લગ્ન :**

નિષધ દેશમાં વીરસેનના પુત્ર નળ નામના એક રાજા થઇ ગયા. તેઓ ઘણા ગુણવાન, પરમ સુંદર, સત્યવાદી, જિતેન્દ્રિય, બધાના પ્રિય, વેદજ્ઞ અને બ્રાહ્મણભકતત હતા. તેમની સેના બહુ વિશાળ હતી, તેઓ સ્વયં અસ્ત્ર–વિદ્યામાં બહુ નિપુણ હતા. વીર યોદ્ધા, ઉદાન અને પ્રબળ પરાક્રમી પણ હતા. તે દિવસોમાં વિદર્ભ દેશમાં ભીમક નામના રાજા રાજય કરતા હતા. તેઓ પણ નળની જેમ સર્વગુણસંપન્ન અને પરાક્રમી હતા. તેમણે દમન ઋષિને પ્રસન્ન કરીને તેમના વરદાનથી ચાર સંતાન પ્રાપ્ત કર્યાં હતા. ત્રણ પુત્ર અને એક કન્યા. પુત્રોનાં નામ હતા દમ, દાન્ત અને દમન. પુત્રીનું નામ દમયંતી હતું. દમયંતી લક્ષ્મી જેવી રૂપવતી હતી. તેનાં નેત્ર વિશાળ હતા. બન્ને રાજયના લોકો એકબીજાના ખૂબ જ વખાણ કરતા હતા.

એક દિવસ રાજા નળે પોતાના મહેલના ઉદ્યાનમાં થોડા હંસોને જોયા. તેમણે એક હંસને પકડી લીધો. હંસે કહ્યુ – 'તમે મને છોડી દો તો અમે દમયંતીની પાસે જઇને તમારા ગુણોનું એવું વર્ણન કરીશું કે તે તમને અવશ્ય વરશે. નળે હંસને છોડી દીધો તે બધા ઉડીને વિદર્ભ દેશમાં ગયા. દમયંતી પોતાની પાસે હંસોને જોઇને ઘણી રાજી થઇ અને હંસોને પકડવા માટે તેમના તરફ દોડી. દમયંતી જે હંસને પકડવા

માટે દોડતી, તે બોલ ઉઠતો કે 'અરે દમયંતી! નિષધ દેશમાં એક નળ નામનો રાજા છે. તે અ  નીકુમાર જેવો સુંદર છે. મનુષ્યોમાં તેના જેવું સુંદર કોઇ નથી. જો તમે પત્ની થઇ જાઓ તો તમારો જન્મ અને રૂપ બંને સફળ થઇ જાય!

આ વાત સાંભળીને દમયંતીએ કહ્યું – 'હંસ! તું નળને પણ જઇને આવી જ વાત કહેજે.' હંસે નિષધ દેશમાં જઈને નળને દમયંતીનો સંદેશો કહી દીધો. દમયંતી હંસના મુખેથી રાજા નળની કીર્તિ સાંભળીને તેમની સાથે પ્રેમ કરવા લાગી. તે રાત–દિવસ તેમનું જ ધ્યાન કરતી રહી. સખીઓએ આ વાત વિદર્ભરાજનેજણાવી કે 'તમારી પુત્રી અસ્વસ્થ થઇ ગઇ છે.' રાજા ભીમકે પોતાની પુત્રી વિશે બહુ વિચાર કર્યો. તેમણે વિચાર્યું કે મારી પુત્રી લગ્ન કરવા યોગ્ય થઇ ગઇ છે; તેથી તેનો સ્વયંવર કરી દેવો જોઇએ. તેમણે બધા રાજાઓને નિમંત્રણ મોકલી દીધું અને જણાવી દીધું કે રાજાઓએ દમયંતીના સ્વયંવરમાં જરૂર પધારવું. દેવતાઓ પણ સ્વયંવરમાં આવવા માટે તૈયાર થઇ ગયા. રાજા નળ પણ આવે છે નળ રાજાને જોઇને દેવતાઓ વિચારવા લાગ્યા કે સૂર્યના જેવી ક્રાંતિ અને અલૌકિક રૂપસંપત્તિથી શોભાયમાન નળને દમયંતી પસંદ કરશે.

દેવતાઓ નળની પાસે આવીને કહે છે, રાજેન્દ્ર નળ! 'તમે મહાન સત્યવતી છો. તમે અમારા લોકોની સહાયતા માટે દૂત બની જાઓ.' નળે પ્રતિજ્ઞા કરી લીધી અને કહ્યું કે, 'કરીશ' પછી પૂછયું કે, ' તમે લોકો કોણ છો અને મને દૂત બનાવીને કયું કાર્ય સિદ્ધ કરવા માંગો છો?' ઇન્દ્રે કહ્યું– 'અમે લોકો દેવતાઓ છીએ. તમે અમારા દૂત બનીને દમયંતીની પાસે જાઓ અને અમે તેની સાથે લગ્ન કરવા માંગીએ છીએ તેવું કહો.' નળ કહે કે – 'હું પણ તે જ પ્રયોજનથી જાઉ છું તો હું તમારી વાત કેવી રીતે કહી શકું.' ઇન્દ્રએ કહ્યુ કે – 'પહેલા તમે પ્રતિજ્ઞા કરી છે એટલા માટે અમારું કામ કરવું જ પડશે.' નળ રાજા રાજમહેલમાં પ્રવેશ કરે છે. દમયંતી નળને જુએ છે અને કંઇપણ બોલો શકતી નથી. થોડીવાર પછી તે નળને કહે છે – 'વીર! તમે દેખાવે ઘણાં ન સુંદર અને નિર્દોષ લાગો છો. પહેલા તમારો પરિચય આપો. તમે અહીં કયા ઉદ્દેશથી આવયા છો તે જણાવો?

રાજા નળ કહે છે 'કલ્યાણી! હું નળ છું. લોકપાલોનો દૂત બનીને તમારી પાસે આવ્યો છું. સુંદરી! ઇન્દ્ર, અગ્નિ, વરુણ અને યમ – ચારે દેવતાતમારી સાથે લગ્ન કરવા ચાહે છે. તમે આમનામાંથી કોઇ એક દેવતાને પતિરૂપે વરણ કરી લો. આ જ સંદેશો લઇને હું તમારી પાસે આવ્યો છું. હવે તમા  રી જે ઇચ્છા હોય, તે કરો ! દમયંતી શ્રદ્ધાથી   દેવતાઓને પ્રણામ કરીને નળને કહ્યું–'નરેન્દ્ર તમે મને પ્રેમ–દષ્ટિથી જુઓ અને આજ્ઞા કરો કે હું યથાશકિતત તમારી શી સેવા કરું? મારા સ્વામી! મેં મારું સર્વસ્વ અને મને પણ તમારા ચરણોમાં ન્યાછાવર કરી દીધી છે. જો તમે આ દાસીની આજ્ઞાનો અસ્વીકાર કરશો તો હું વિષ ખાઇને, અગ્નિમાં બળીને, પાણીમાં ડૂબીને તમારા માટે મરી જઇશ.' રાજા નળે કહ્યું – 'તે મોટા–મોટા લોકપાલો તમારા પ્રયણ–સંબંધના પ્રાર્થી છે, જયારે હું તો સામાન્ય મનુષ્ય છું. તમે મારી રક્ષા કરો અને

તેમની વરણી કરી લો. દમયંતી ગભરાઇ ગઇ તેનાં બંને નેત્રો આંસુથી છલકાઇ ગયાં. તે કહેવા લાગી– ' હું બધમ દેવતાઓને પ્રણામ કરીને તમને જ પતિરૂપે સ્વીકારીશ.

રાજા નળ તો પોતાની ફરજ પૂર્ણ કરીને દેવતાઓની પાસે આવ્યા. નળે કહ્યું– 'મેં દમયંતીની સામે તમારા લોકોનું વર્ણન કર્યું, પરંતુ તે તો નળનું જ વરણ કરવા ચાહે છે.' બધા સ્વયંવરમાં હાજર થાય છે. ત્યારે દમયંતી રંગમંડપમાં હાજર થાય છે. રાજાઓનો પરિચય આપવામાં આવ્યો. દમયંતી એક–એકને જોઇને આગળ વધવા લાગી. આગળ જોયું તો ત્યાં નળના જેવા જ પાંચ લોકો બેઠા હતા પરંતુ દેવતાઓના શરીર શુદ્ધ હોય. તેનો પડછાયો ન પડે, માળાઓ તાજી જ રહે છે જયારે મુખ્ય નળની માળા ચીમડાઇ ગઇ હોય છે. શરીર પર ધૂળ હોય છે. આ બાબત દમયંતી જાણી જાય છે અને પછી ધર્મ અનુસાર નળનું વરણ કરી લીધું.[૧૧]

આમ ક્ષત્રિય નળ અને દમયંતીના વિવાહ થાય છે. વિવાહની આ સ્વતંત્ર પદ્ધતિ છે તેમાં સ્ત્રી સ્વતંત્ર રીતે પોતાની ઇચ્છા પ્રમાણે પતિને શોધી શકે છે અને તેની પસંદગી પ્રમાણે તેને વરમાળા પહેરાવી શકે છે. પ્રાચીન સમયમાં સ્ત્રી ખૂબ જ સ્વતંત્ર હતી અને તે પોતાના મનની વાત કહી શકતી અને પોતાની ઇચ્છાનુસાર ગમે તેની સાથે વિવાહ કરી શકતી હતી.

**૫. અભિમન્યુ અને ઉત્તરાનાં વિવાહ :**

પાંડવો ગુપ્ત સમય દરમ્યાન વિરાટ રાજાને ત્યાં રહે છે. ત્યારે આ પાંડવોનું છેલ્લું અજ્ઞાતવાસનું વર્ષ હતું. એટલા માટે કૌરવો પાંડવોની ઓળખ મેળવવા માટે વિરાટ રાજાનું ગૌધન હાંકી જાય છે ત્યારે અર્જુન કૌરવદ સાથે ભયંકર યુદ્ધ કરે છે અને રાજાની ગાયોને પાછી વાળે છે. આ યુદ્ધ જીતાય છે ત્યારે પાંડવોની સાચી ઓળખ થાય છે. વિરાટ રાજા પણ પોતાની પાસે એક વર્ષ રહેલા પાંડવોને ઓળખો શકતા નથી. વિરાટ રાજા પોતાના પુત્ર ઉત્તરને કહે છે કે – 'આ મહાન પાંડવોને પ્રસન્ન કરવાનો શુભ અવસર પ્રાપ્ત થયો છે. તમારી રાય હોય તો હું અર્જુન સાથે ઉત્તરાના લગ્ન કરાવી દઉં.'

આ સાંભળીને ઉત્તર કહે છે – 'પાંડવો બધી રીતે શ્રેષ્ઠ, પૂજનીય અને સન્માનપાત્ર છે; તથા તે માટેનો આપણને અવસર પણ મળી ગયો છે. તેથી તમે એમનો સત્કાર અવશ્ય કરો. વિરાટ રાજા ઘણાં પ્રસન્ન થાય છે. તેણે પુત્ર સાથે ચર્ચા કરીને પોતાનું આખું રાજપાટ અને ખજાનો યુધિષ્ઠિરની સેવામાં દર્શનથી પોતાના સૌભાગ્યની પ્રશંસા કરીને અર્જુનના દર્શનથી પોતાના સૌભાગ્યની પ્રશંસા કરી. બધાનાં મસ્તક સૂંઘીને પ્રેમથી ગળે લગાડયા. ત્યારબાદ તે અતૃપ્ત નેત્રોથી તેમને અનિમેષ જોવા લાગ્યો અને અત્યંત પ્રસન્ન થઈને યુધિષ્ઠિરને કહ્યું – 'ઘણા સૌભાગ્યની વાત છે. જે તમે બધા કુશળપૂર્વક વનમાંથી પાછા આવી ગયા અને એ પણ સારું થયું કે આ કષ્ટદાયક અજ્ઞાતવાસના અવધિને તમે પૂરી કરી લીધો. મારું સર્વસ્વ તમારું છે, આનો નિઃસંકોચ સ્વીકાર કરો. અર્જુન મારો પુત્રી ઉત્તરાનું પાણીગ્રહણ કરે, તેઓ બધી રીતે તેના સ્વામી થવાને યોગ્ય છે.'

રાજા વિરાટના આ પ્રમાણે કહેવાથી યુધિષ્ઠિરે અર્જુન સામે જોયું. ત્યારે અર્જુને મત્સ્યરાજને આ પ્રમાણે ઉત્તર આપ્યો – 'રાજન! હું તમારી કન્યાનો મારી પુત્રવધૂના રૂપમાં સ્વીકાર કરું છું. મસ્ત્ય અને ભરતવંશનો આ સંબંધ ઉચિત જ છે.' અર્જુનની વાત સાંભળીને રાજા વિરાટે કહ્યું – 'પાંડવશ્રેષ્ઠ! હું સ્વયં તમને મારી કન્યા આપી રહ્યો છું. પછી તમે તેનો પત્ની તરીકે સ્વીકાર કેમ કરતા નથી?' અર્જુને કહ્યું – 'રાજન! હું ઘણા સમય સુધી તમારા રાણીવાસમાં રહ્યો છું તમારસ કન્યાને મે પુત્રીભાવે જ જોઇ છે. તેણે પણ મારા પર પિતાની જેમ વિ  ાસ કર્યો છે. તે મને હંમેશા ગુરુ જ માનતી રહી છે. તમને અથવા અન્ય કોઇને મારા પર અનુચિત શંકા ન જાય, તેથી આનું હું મારી પુત્રવધૂ તરીકે જ વરણ કરું છું. આમ કરીને જ હું શુદ્ધ, જિતેન્દ્રય તથા મનને વશમાં રાખનારો થઇ શકીશ અને તમારી કન્યાનું ચરિત્ર પણ શુદ્ધ માનવામાં આવશે.

અર્જુન આગળ જણાવે છે કે મારો પુત્ર પણ દેવકુમાર જેવો છે. તે ભગવાન શ્રીકૃષ્ણનો ભાણેજ છે. તેઓ તેના પર બહુ પ્રેમ રાખે છે. તેનું નામ અભિમન્યુ છે. એ બધા પ્રકારની અસ્ત્રવિદ્યામાં નિપુણ છે અને તમારી કન્યાનો પતિ થવા બધી રીતે યોગ્ય છે. વિરાટ રાજાએ કહ્યું – પાર્થ! તમે કૌરવોમાં શ્રેષ્ઠ અને કુંતીના પુત્ર છો. તમને ધર્મ–અધર્મનો આટલો વિચાર હોવો ઉચિત જ છે. તમે સદા ધર્મમાં તત્પર રહેનારા અને જ્ઞાની છો. હવે આ પછીનું જે કર્તવ્ય હોય, તેને પુરું કરો. જયારે અર્જુન મારો સંબંધી બની રહ્યો છે, ત્યારે મારી કઇ કામના અપૂર્ણ રહી? યુધિષ્ઠિરે પણ બંનેની વાતનું અનુમોદન કર્યું. ભગવાન શ્રીકૃષ્ણ, બળદેવ, કૃતવર્મા, સાત્યકિ, અક્રૂર અને સામ્બ વગેરે ક્ષત્રિયો અભિમન્યુ અને સુભદ્રાને સાથે તેડીને આવ્યા. ભગવાન શ્રીકૃષ્ણએ યુધિષ્ઠિરને અસંખ્ય દાસીઓ, નાના પ્રકારનાં રત્નો અને અનેક પ્રકારનાં વસ્ત્રાલંકાર ભેટ આપ્યા. રાજા વિરાટે બધાનો સત્કાર કર્યો અને બધાને નિવાસ માટે ઉત્તમ સ્થાન આપ્યાં.

રાજા વિરાટને ઘેર શંખ, ભેરી અને ગોમુખ વગેરે વિવિધ પ્રકારનાં વાજા વાગવા લાગ્યાં. અંતઃપુરની સુંદર સ્ત્રીઓ નાના પ્રકારનાં વસ્ત્રો અને આભૂષણોથી સજીને રાણી સુદેષ્ણાને આગળ કરીને મહારાણી દ્રૌપદીને ત્યાં ચાલ્યા તેઓ બધી રાજકુમારી ઉત્તરાને સુંદર શણગાર પહેરાવી, તેની ચારે બાજુ ચાલી રહી હતી. અર્જુને સુભદ્રાનંદન અભિમન્યુ માટે સુંદરી વિરાટકુમારોનો સ્વીકાર કર્યો. તે સમયે ત્યાં ઇન્દ્રના જેવી વેષભૂષા ધારણ કરીને રાજા યુધિષ્ઠિર પણ   ભા હતા. તેમણે પણ ઉત્તરાને પુત્રવધૂ તરીકે અંગીકાર કર્યો. ત્યારપછી ભગવાન શ્રીકૃષ્ણી સમક્ષ અભિમન્યુ અને ઉત્તરાનાં લગ્ન થયાં. વિવાહકાળમાં વિરાટે પ્રજવલિત અગ્નિમાં વિધિવત્ હવન કરીને બ્રાહ્મણોનો સત્કાર કર્યો અને દહેજમાં વરપક્ષને વાયુવેગે ચાલનારા સાત હજાર ઘોડા, બસો હાથી તથા અઢળક ધન આપ્યું.[૧૨]

## ૩. અન્ય પરિણય–પ્રસંગો :

ભારતીય સંસ્કૃતિ તેના વિશાળ સાહિત્ય સર્જનને પરિણામે વિ  માં પ્રસિદ્ધ છે. વેદ, ઉપનિષદ્, પુરાણ, ધર્મગ્રંથો, સ્મૃતિસાહિત્ય, રામાયણ અને મહાભારત ભારતીય સંસ્કૃતિના દિવ્ય પુસ્તકો છે. આ વિપુલ સાહિત્ય ભારતને વિ  માં ટોચ ઉપર લઇ જાય છે. લોકોને આજે જો કોઇ માર્ગદર્શન આપવાનું માધ્યમ હોય તો તે સાહિત્ય છે. તેમાં રામાયણ અને મહાભારત ભારતીય લોકોના હૃદયમાં વસી ગયેલા છે. રામાયણ આપણને જીવનદર્શન શીખવાડે છે. જ્યારે મહાભારત સમાજમાં કેમ રહેવું તે શીખવાડે છે માણસ જો કોઇ ઉતાવળું પગલું ભરે તો તેનું શું પરિણામ આવે તે મહાભારતમાંથી શીખવા મળે છે.

મહાભારતના પરિણય–પ્રસંગોમાં અન્ય પરિણય–પ્રસંગો જોવાના છે. તેમાં યયાતિ–દેવયાનીના વિવાહ, તપતી સંવરણનો વિવાહ, સુકન્યા–ચ્યવન ઋષિનો વિવાહ તથા સાવિત્રી અને સત્યવાનના વિવાહોનો સમાવેશ થાય છે. આ અન્ય પરિણય પ્રસંગો પણ મૂળ કથાને સમજાવવા માટે તથા તે મુખ્ય કથાના ઉદાહરણ રૂપે કરવામાં આવ્યા છે. મુખ્ય કથાનું જેટલું મહત્વ છે તેટલું અન્ય કથાનું પણ મહત્વ છે. મહાભારત વિશાળ સાગર સમાન છે તેમાં અસંખ્ય કથાઓ મળીને વિશાળ ગ્રંથ નિર્માણ પામ્યો છે.

### ૧. યયાતિનાં દેવયાની સાથે વિવાહ :–

દેવયાની શુક્રાચાર્યની પુત્રી હતી. એક દિવસ દેવયાની પોતાની દાસીઓ અને શર્મિષ્ઠાની સાથે તે જ વનમાં ક્રીડા કરવા માટે ગઇ. હજી તે વિહાર કરી રહી હતી ત્યાં તો નહુષનંદન રાજા યયાતિ પણ ત્યાં જ આવી ચડયા. તેઓ ખૂબ થાકેલા હતા, જળ પીવા ઇચ્છતા હતા. દેવયાની, શર્મિષ્ઠા અને દાસીઓને જોઇને તેમના મનમાં જિજ્ઞાસા થઇ અને તેમણે પૂછયું, ‘આ દાસીઓની વચ્ચે બેઠેલી તમે બંને કોણ છો? દેવયાનીએ ઉત્તર આપ્યો – ‘હું દૈત્યગુરુ મહષિ શુક્રાચાર્યની પુત્રી છું અને આ મારી સખી દાસી છે. આ દૈત્યરાજ વૃષપર્વાની પુત્રી છે અને મારી સેવા માટે હંમેશા મારી સાથે રહે છે. આનું નામ શર્મિષ્ઠા છે. હું મારી બધી દાસીઓ અને શર્મિષ્ઠાની સાથે તમારી આધીન છું. હું તમને મારા સખા અને સ્વામી તરીકે સ્વીકાર કરું છું. તમે પણ મારો સ્વીકાર કરો.

યયાતિએ કહ્યુ, ‘હું શુક્રનંદિની! તમારું કલ્યાણ થાઓ. હું તમારે યોગ્ય નથી. તમારા પિતા ક્ષત્રિય સાથે તમારાં લગ્ન કરશે નહિ.’ દેવયાનીએ કહ્યુ, ‘રાજન! તમારાથી પહેલાં કોઇએ પણ મારો હાથ પકડયો ન હતો. કુવામાંથી કાઢતાં તમે મારો હાથ પકડી લીધો. તેથી હું તમારું મારા સ્વામીના રૂપમાં વરણ કરું છું. હવે ભલા બીજો કોઇ પુરુષ મારા હાથનો સ્પર્શ કઇ રીતે કરી શકે?’ યયાતિએ કહ્યુ, ‘ કલ્યાણી! જ્યાં સુધી તમારા પિતા પોતે તમને મારા હાથમાં સોંપી ન દે ત્યાં સુધી હું તમારો સ્વીકાર કઇ રીતે કરું?’ ત્યારે દેવયાનીએ પોતાની પાલક માતા સાથે પિતાને સંદેશો મોકલ્યો. તેના મુખે બધી વાતો સાંભળીને શુક્રાચાર્ય રાજા યયાતિ પાસે આવ્યા. યયાતિએ  ભા થઇને તેમને પ્રણામ કર્યા અને હાથ જોડીને તેમની સામે  ભા રહ્યા.,

દેવયાનીએ કહ્યું, 'પિતાજી ! આ નહુષનંદન રાજા યયાતિ છે. જ્યારે મને કૂવામાં નાંખી દેવામાં આવી હતી, ત્યારે આમણે મારો હાથ પકડીને મને બહાર કાઢી હતી. હું તમારા ચરણોમાં પકડીને ખૂબ જ નમ્રતાપૂર્વક પ્રાર્થના કરું છું કે તમે આમની સાથે મારાં લગ્ન દો. હું આમના સિવાય બીજા કોઇન. વરીશ નહિ.' દેવયાનીની વાત સાંભળીને શુક્રાચાર્યે યયાતિને કહ્યું – 'રાજન! મારી લાડકી પુત્રીએ તમારું પતિરૂપે વરણ કર્યું છે. હું કન્યાદાન કરું છું, તમે આનો પટરાણીરૂપે સ્વીકાર કરો.' યયાતિએ કહ્યું, 'બ્રહ્મન્ હું ક્ષત્રિય છું. બ્રાહ્મણ કન્યા સાથે લગ્ન કરવાથી મને વર્ણસંકરતાનો દોષ લાગશે. તમે એવી કૃપા કરો અને વરદાન આપો કે તે મહાન દોષ મારો સ્પર્શ ન કરે.'

શુક્રાચાર્યજીએ કહ્યું, 'તમે આ સંબંધ સ્વીકારી લો. કોઇ પ્રકારની ચિંતા ન કરો. હું તમારું પાપ નષ્ટ કરી દઉં છું. તમે મારી પુત્રીને પત્નીરૂપે સ્વીકારીને ધર્મનું પાલન કરો અને સુખ ભોગવો. રાજન્! વૃષપર્વાની પુત્રીનો પણ તમે ઉચિત સત્કાર કરજો. ત્યારપછી શાસ્ત્રોકતતવિધિથી દેવયાનીના પાણિગ્રહણ–સંસ્કાર સંપન્ન થયા અને દાસીઓ, શર્મિષ્ઠા અને દેવયાનીને લઇને યયાતિ પોતાની રાજધાની તરફ જવા રવાના થયા. રાજા યયાતિની રાજધાની અમરાવતી જેવી હતી. ત્યાં પહોંચીને તેમણે દેવયાનીને તો અંતઃપુરમાં રાખીને શર્મિષ્ઠા તથા દાસીઓ માટે દેવયાનીની સંમતિથી અશોકવાટિકા પાસે એક સ્થાન બનાવી દીધું તથા અન્ન–વસ્ત્રની યોગ્ય વ્યવસ્થા કરી દીધી. આમ યયાતિ અને દેવયાનીના વિવાહ સંપન્ન થયા અને તેઓ સુખેથી જીવન પસાર કરવા લાગ્યા.[૧૩]

**૨. તપતી–સંવરણનો વિવાહ :**

આકાશમાં સર્વશ્રેષ્ઠ જયોતિરૂપ ભગવાન સૂર્ય છે. એમની પુત્રીનું નામ તપતસ હતું. તે પણ ભગવાન સૂર્ય જેવી પ્રકાશમાન હતી. તે સાવિત્રીની નાની બહેન હતી તથા પોતાની તપસ્યાને કારણે ત્રણે લોકમાં 'તપતી' નામે પ્રસિદ્ધ હતી. તે દરમ્યાન પૂરુ વંશમાં રાજા ઋક્ષના પુત્ર સંવરણ બહુ જ બળવાન અને ભગાવન સૂર્યના સાચા ભકતત થયા. તેઓ દરરોજ સૂર્યની ઉપાસના કરતા હતા. સૂર્યના મનમાં એ વાત આવવા લાગી કે આ મારી પુત્રીને લાયક પતિ હશે. એક દિવસ સંવરણ ઘોડા પર બેસીને પર્વતની તળેટીઓ અને જંગલમાં શિકાર ખેલતા હતા. ભૂખ–તરસથી વ્યાકુળ થઇને તેમની શ્રેષ્ઠ ઘોડો મરી ગયો. તેઓ પેદળ ચાલવા લાગ્યા. ત્યારે તેમની નજર એક સુંદર કન્યા ઉપર પડી.

કન્યાને એકલી જોઇને તેમણે પૂછયું, 'હે સુંદરી! તમે કોની પુત્રી છો? તમારું નામ શું છે? આ નિર્જન વનમાં શા ઉદ્દેશથી ફરી રહ્યાં છો? તમારા શરીરની અનુપમ ક્રાંતિથી આભૂષણો પણ ચળકી ઉઠયાં છે. ત્રિલોકમાં આવી સુંદરી કોઇ હશે નહિ. તમારા માટે મારું મન અત્યંત ચંચળ અને આતુર બની રહ્યું છે.' રાજાની વાત સાંભળીને તે કાંઇ ન બોલી પણ તરત જ અંતર્ધાન થઇ ગઇ. રાજાએ તેને શોધવાની બહુ કોશિશ કરી પણ સફળતા ન મળી. રાજા સંવરણ બેહોશ થઇ ધરતી પર પડી ગયા. તેને બેહોશ થયેલા જોઇ તપતી ફરી ત્યાં આવી અને બોલી, રાજન ઠો તમારા જેવા પુરુષે આમ બેહોશ

થઇને પૃથ્વી પર સૂવું ન જોઇએ.' ઘોળેલા અમૃત જેવી વાણી સાંભળીને સંવરણ   ઠી ગયા. તેમણે કહ્યું, 'સુંદરી ગાધર્વ–વિવાહ દ્વારા મારો સ્વીકાર કરી લો મને જીવતદાન આપો.'

આ વાત સાભંળીને તપતીએ કહ્યું, 'રાજન્! મારા પિતા હયાત છે. હું સ્વયં મારા વિશે સ્વતંત્ર નથી જો તમે મને મેળવવા માંગતા હોય તો મારા પિતાને કહો. તમારા જેવા કુળવાન, ભકતતવત્સલ પુરુષને પતિરૂપે સ્વીકાર કરવામાં મારા તરફથી કોઇ આપત્તિ નથી. તમે નમ્રતા, નિયમ અને તપસ્યા દ્વારા મારા પિતાને પ્રસન્ન કરીને મારી માંગણી કરો. હું ભગવાન સૂર્યની પુત્રી છું. આમ, કહીને તપતી આકાશમાર્ગે ચાલી ગઇ. હવે રાજા પવિત્રતાપૂર્વક હાથ જોડીને ઉપરની તરફ મોં કરીને ભગવાન સૂર્યની આરાધના કરવા લાગ્યા. તેમણે મનમાં જ મહર્ષિ વસિષ્ઠજીનું ધ્યાન ધર્યું. બારમાં દિવસે વસિષ્ઠ ત્યાં આવ્યા. તેમણે રાજાના મનની વાત જાણી લીધ. તેમણે રાજાને આ  ાસન આપ્યુ અને સૂર્યને મળવા માટે ચાલી નીકળ્યા.

મહર્ષિ વસિષ્ઠે પ્રણામ કરીને સૂર્યને કહ્યું, 'ભગવન ! હું રાજા સંવરણ માટે તમારી કન્યા તપતીની યાચના કરું છું. તમે તેમનો ઉજજવળ યશ, ધાર્મિકતા અને નીતિજ્ઞતાથી પરિચિત છો જ. ભગવાન સૂર્ય તરત તેમની પ્રાર્થના સ્વીકારી લીધી અને તેમની સાથે જ પોતાની સર્વાંગસુંદર કન્યાને રાજા સંવરણ પાસે મોકલી દીધી. વસિષ્ઠજીની સાથે તપતીને આવતી જોઇને સંવરણ ખૂબ જ પ્રસન્ન થયો આ પ્રમાણે ભગવાન સૂર્યની આરાધના અને પોતાના પુરોહિત વસિષ્ઠની શકિતતથી રાજા સંવરણે તપતીને પ્રાપ્ત કરી અને વિધિપૂર્વક બંનેના પાણિગ્રહણ સંસ્કાર થયા.[૧૪]

### ૩. સુકન્યા અને મહર્ષિ ચ્યવનના વિવાહ :

મહર્ષિ ભૃગુનો ચ્યવન નામે એક અત્યંત તેજસ્વી પુત્ર હતો. તે સરોવર કિનારે તપસ્યા કરવા લાગ્યો. તે મુનિકુમાર ઘણાં સમય સુધી વૃક્ષની જેમ અચળ રહીને એક જ સ્થાન પર વીરાસન લગાવીને બેઠો રહ્યો. લાંબો સમય વીતવાથી તેનું શરીર ઘાસ અને લતાઓથી ઢંકાઇ ગયું. તેના પર કીડીઓએ મુકામ કરી દીધો. ઋષિ રાફડા જેવા દેખાવા લાગયા. આ પ્રમાણે ઘણો સમય વ્યતીત થઇ ગયો. ત્યારપછી એક દિવસ રાજા શર્યાતિ આ સરોવર પર ક્રીડા કરવા માટે આવ્યા. તેમની ચાર હજાર સુંદર રાણીઓ અને એક સુંદર કન્યા હતી. તેનું નામ સુકન્યા હતું.

રાજાની કન્યા સખીઓની સાથે ફરતી–ફરતી તે ચ્યવનમુનિના રાફડા પાસે આવી પહોંચી. તેણે તે રાફડાના છિ દ્રમાંથી ચ્યવનજીની ચળકતી આંખો જોઇ. તે જોઇને તેને ભારે કુતૂહલ થયું. પછી તેની બુદ્ધિ ભ્રમિત થઇ જવાથી તેણે તે આંખોને કાંટાથી વીંધી નાખી. આ રીતે આંખો ફૂટી જવાથી ચ્યવજી મુનિને ભારે ક્રોધ થયો અને તેમણે શર્યાતિના સૈનિકોનાં મળ–મૂત્ર બંધ કરી દીધા. સૈનિકોના મળ–મૂત્ર બંધ થઇ જતા ભારે કષ્ટ થયું. આ સ્થિતિ જોઇને રાજાએ પૂછયું, 'અહીં નિરંતર તપસ્યામાં લીન વયોવૃદ્ધ

મહાત્મા ચ્યવન રહે છે. તેઓ સ્વભાવના બહુ ક્રોધી છે. તેમનું જાણીને કે વિના જાણ્યે કોઇએ અહિત કર્યું છે? જેનાથી આવું થયું હોય તે વિલંબ કર્યા વિના તરત જણાવી દે.'

સુકન્યાને આ વાતની ખબર પડી ત્યારે તેણે કહ્યું, હું ફરતી–ફરતી એક રાફડા પાસે ગઇ હતી. તેમાં મને ચળકતું એક જંતુ દેખાયું. તે આગિયા જેવું લાગતું હતું. તેને મેં વીંધી નાખ્યું.' તે સાંભળીને શર્યાતિ તરત જ રાફડા પાસે ગયા. ત્યાં તેમણે તપોવૃદ્ધ અને વયોવૃદ્ધ ચ્યવન મુનિને જોયા. મુનિને હાથ જોડીને રાજાએ પોતાના સૈનિકોને દુઃખમુકતત કરવાની પ્રાર્થના કરી અને કહ્યું કે 'ભગવન્! અજ્ઞાનવશ આ બાલિકાથી જે અપરાધથઇ ગયો છે, તેને ક્ષમા કરવાની કૃપા કરો.' ત્યારે ભૃગુનંદન ચ્યવને રાજાને કહ્યું, 'આ અભિમાની છોકરીએ અપમાન કરવા માટે જ મારી આંખો ફોડી છે. હવે હું તેને પ્રાપ્ત કરીને જ ક્ષમા કરી શકું છું.'

મહારાજ શર્યાતિએ આ વાત સાંભળીને કાંઇપણ વિચાર કર્યા વિના મહાત્મા ચ્યવનને પોતાની કન્યા આપી દીધી. તે કન્યાને પ્રાપ્ત કરીને ચ્યવનમુનિ પ્રસન્ન થઇ ગયા અને તેમની કપાથી દુઃખમુ ત થઇને રાજા એના સાથે પોતાના નગરમાં પાછા આવ્યા. સતી સુકન્યા પણ તપ અને પોતાના નિયમોનું પાલન કરતી રહીને પ્રેમપૂર્વક પોતાના તપસ્વી પતિની સેવા કરવા લાગી. આમ આગળ જતા અ ની કુમારો મારો ચ્યવનઋષિને રૂપવાન અને યુવાન બનાવી દે છે. ત્યારપછી ચ્યવન અને સુકન્યા તે આશ્રમમાં દેવતાઓની જેમ વિહાર કરવા લાગ્યા.[૧૫]

**૪. સાવિત્રી – સત્યવાનના વિવાહ :**

મદ્ર દેશમાં અ પતિ નામનો એક બહુ ધાર્મિક અને બ્રાહ્મણસેવી રાજા હતો. તે અત્યંત ઉદાર હૃદયનો, સત્યનિષ્ઠ, જિતેન્દ્રિય, દાની, ચતુર તથા નગરવાસીઓનો પ્રિય હતો. તે નિયમનિષ્ઠ રાજાની ધર્મશીલ જયેષ્ઠ પત્નીને ગર્ભ રહ્યો અને યથાસમયે તેને કમળ જેવા નેત્રોવાળી એક કન્યા ઉત્પન્ન થઇ. રાજાએ પ્રસન્ન થઇને તે કન્યાના જાતકર્માદિ બધા સંસ્કાર કર્યા. તે કન્યા સાવિત્રીના મંત્રો દ્વારા હવન કરવાથી સાવિત્રી દેવીએ જ પ્રસન્ન થઇને આપી હતી; તેથી બ્રાહ્મણોએ અને રાજાએ તેનું નામ ' સાવિત્રી' રાખ્યું. યથાસમયે તેણે યુવાવસ્થામાં પ્રવેશ કર્યો. કન્યાને યુવતી થયેલી જોઇને મહારાજ અશ્વપતિ બહુ ચિંતિત થયા. તેમણે સાહિત્રીને કહ્યું, 'સાવિત્રી! હવે તું લગ્ન કરવા યોગ્ય થઇ ગઇ છે, તેથી સ્વયં તારા માટે કોઇ યોગ્ય વર શોધી લે. ધર્મશાસ્ત્રની એવી આજ્ઞા છે કે લગ્ન કરવાને યોગ્ય થઇ જતાં જે કન્યાદાન કરતો નથી, તે પિતા નિંદનીય છે; પતિના મૃત્યુ પછી જે વિધવા માતાનું પાલન નથી કરતો તે પુત્ર નિંદનીય છે. તેથી તું શીઘ્ર વરની શોધ કરી લે.'

સાવિત્રીના પિતાએ તે પ્રમાણે કહ્યું ત્યારે તપસ્વિની સાવિત્રીએ થોડો સંકોચ સાથે પિતાની આજ્ઞાનો સ્વીકાર કરી લીધો અને તેમના ચરણોમાં પ્રણામ કરીને સુવર્ણના રથમાં બેસીને મંત્રીઓની

સાથે વરની શોધમાં નીકળી પડી. તે રાજર્ષિઓના રમણીય તપોવનમાં ગઇ અને વનોમાં વિચરતી રહી. ઘર. આવીને તેમણે તેના પિતાને કહ્યું, – 'શાલ્વદેશમાં દ્યુમત્સેન નામના એક બહુ પ્રસિદ્ધ ધર્માત્મા રાજા હતા. તેઓ અંધ હતા. તેમના અંધ હોવાથી પાડોશી રાજાએ તેમનું રાજય હરી લીધું. ત્યારે પોતાના બાળક પુત્ર અને પત્ની સાથે તેઓ વનમાં ચાલ્યા ગયા અને કઠોર તપસ્યા કરવા લાગ્યા. તેમનો પુત્ર સત્યવાન જે અત્યારે વનમાં રહીને મોટા થઇ ગયા છે, તે મારે યોગ્ય છે. મેં મનથી તેમનું પોતાના પતિરૂપે વરણ કરી લીધું છે.'

આ સાંભળીને નારદજીએ કહ્યું, – રાજન્! બહુ દુઃખની વાત છે. અરે! સાવિત્રીએ મોટી ભૂલ કરી છે. તેણે જાણ્યા વિના જ ગુણવાન સમજીને સત્યવાનની વરણી કરી લીધી. તેનામાં માત્ર એક જ દોષ છે; પરંતુ તેનાથી તેના બધા ગુણો ઢંકાઇ ગયા છે. તથા કોઇપણ પ્રયત્ન દ્વારા તે દોષની નિવૃત્તિ થઇ શકે એમ નથી. આજથી એક વર્ષ બાદ સત્યવાનનું આયુષ્ય પૂરું થઇ જશે અને તે દેહત્યાગ કરી દેશે. ત્યારે રાજાએ પોતાની પુત્રી સાવિત્રીને કહ્યું – 'અહીં આવ, જો તું ફરીથી જઇને બીજા કોઇ વરની શોધ કર.' સાવિત્રીએ કહ્યું – પિતાજી! લાકડાનો કે પથ્થરનો ટુકડો એકવાર જ તેનાથી અલગ થાય છે. કન્યાદાન એકવાર જ કરવામાં આવે છે અને મેં કરેલો સંકલ્પ પણ એકવાર જ થાય છે. તે દીર્ઘાયુ હોય કે અલ્પાયુ, ગુણવાન હોય કે ગુણહીન – તે જ મારો પતિ થશે. સાવિત્રીની વાતને સાંભળીને તેના પિતા પણ વિવાહ માટે તૈયાર થયા.

કન્યાદાન વિશે નારદજીની આજ્ઞાને માનીને રાજા અ  પતિ વિવાહની સામગ્રી એકઠી કરીને બ્રાહ્મણો, પુરોહિતો સાથે શુભદિવસે કન્યા સાથે પ્રસ્થાપન કર્યું. એક પવિત્ર વનમાં રાજા દ્યુમત્સેનના આશ્રમ પર રાજા પહોંચ્યા અને પગપાળા ચાલીને રાજર્ષિની પાસે ગયા. ત્યાં નેત્રહિન રાજર્ષિ સાલવૃક્ષ નીચે એક દર્ભના આસન પર બેઠેલા જોયા. રાજર્ષિએ તેમનું સ્વાગત કર્યું અને આગમનનું કારણ પૂછયુ. ત્યારે અ  પતિએ કહ્યું, 'રાજર્ષિ! મારી આ સાવિત્રી નામની રૂપવતી કન્યા છે. તેનો આપ ધર્મ અનુસાર આપની પુત્રવધૂરૂપે સ્વીકાર કરો.' ત્યારે રાજર્ષિએ કહ્યું ક. અમે રાજયથી ભ્રષ્ટ થઇ ચૂકતયા છીએ અને અહીં વનમાં વ્યતીત કરીએ છીએ. તમારી કન્યા આ દુઃખો કઇ રીતે સહન કરીને રહેશે?

રાજા અ  પતિએ કહ્યું – રાજન્! સુખ અને દુઃખ તો આવવા–જવાના છે. હું અને મારી પુત્રી વિવાહની વાત નકતકી કરીને જ અહીં આવ્યા છીએ. ત્યારપછી રાજર્ષિએ તે આશ્રમમાં રહેનારા બધા બ્રાહ્મણોને બોલાવીને બંને રાજાઓએ વિધિવત્ લગ્ન સંસ્કાર કરાવ્યા અને વર–કન્યાને યથાયોગ્ય આભૂષણો પણ આપ્યાં. સર્વગુણ સંપન્ન ભાર્યાને પ્રાપ્ત કરીને સત્યવાનને બહુ ખુશી થઇ અને શ્રેષ્ઠ પતિ પ્રાપ્ત કરીને સાવિત્રીને પણ બહુ આનંદ થયો. આમ સાવિત્રી અને સત્યવાનના વિવાહ સંસ્કાર સંપન્ન થયા.[૧૬]

પરિણય એ માનવના જીવનનો અતિ આવશ્યક સંસ્કાર છે. પરિણય સંસ્કારથી જ માનવના જીવનનું મહત્વ વધે છે. પ્રાચીન ભારતીય શ્રેષ્ઠ વીરોનાં પરિણય સંસ્કારનું વર્ણન મહાભારતમા આવે છે તેના ઉપરથી પરિણય સંસ્કારનું કેટલું મહત્વ છે તે ખબર પડે છે. મહાભારતના પરિણય પ્રસંગો ખૂબ જ દિવ્ય અને પ્રેરણાદાયી છે. દરેક પરિણય–પ્રસંગો અને અન્ય પરિણય–પ્રસંગોનું વર્ણન કરીને મહાભારતમાં પરિણયના મહત્વને સમજવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. મહાભારતના પરિણય પ્રસંગો ધાર્મિકતાના આધારે નિર્માણ પામેલા જોવા મળે છે.)

## પ્રકરણ–૫, મહાભારતના પરિણય પ્રસંગો

**<u>પાદટીપ</u>**

01. સંક્ષિપ્ત મહાભારત – જયદલાલ ગોયન્દકા, પૃ.૬૨
02. મહાભારતના મોતી – શ્રી યોગે  ર૭જી પૃ.૮૯
03. સંક્ષિપ્ત મહાભારત – જયદલાલ ગોયન્દકા, પૃ.૬૪
04. એંજન પૃ. ૬૯
05. એંજન પૃ. ૬૮
06. એંજન પૃ. ૧૩૨
07. મહાભારતના મોતી – શ્રી યોગે  ર૭જી પૃ.૫૨
08. સંક્ષિપ્ત મહાભારત – જયદલાલ ગોયન્દકા, પૃ.૪૦
09. એંજન પૃ. ૧૦૫
10. એંજન પૃ. ૧૪૪
11. એંજન પૃ. ૨૬૪
12. એંજન પૃ. ૫૫૪
13. એંજન પૃ. ૪૯
14. એંજન પૃ. ૧૧૮
15. એંજન પૃ. ૩૧૪
16. એંજન પૃ. ૪૭૩